CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૩ શુક્રવાર તા.૧૭-૦૭-૨૦૨૬ અંક : ૨૩ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# ભારતમાં આજથી દોડશે સ્વદેશી હાઈડ્રોજન ટ્રેન

## દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન જિંદ અને સોનીપાત વચ્ચે દોડશે : સંપૂર્ણ પ્રદૂષણમુક્ત ટ્રેનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરાવશે પ્રસ્થાન

નવી દિલ્હી

ભારતીય રેલવે આજે એક અત્યંત આધુનિક, પ્રદૂષણ મુક્ત અને સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટના નવા યુગમાં પ્રવેશ કરવા જઈ રહી છે. પ્રદૂષણ ઘટાડવાની દિશામાં એક મોટું પગલું ઉઠાવતા, દેશની સૌપ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ટ્રેનનું આજે, ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ પીએમ મોદી ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છે.

આ ખાસ ટ્રેન ઉત્તર રેલવેના જીંદ અને સોનીપત સ્ટેશન વચ્ચે દોડશે. રોજબરોજ મુસાફરી કરતા લોકો માટે આ ટ્રેન એક મોટી ગેમ-ચેન્જર સાબિત થશે, કારણ કે આ આખી ટ્રેનમાં એકસાથે આશરે ૨,૬૦૦ જેટલા મુસાફરો મુસાફરી કરી શકશે.

સંપૂર્ણપણે ભારતમાં જ ડિઝાઈન અને ડેવલપ થયેલી આ ટ્રેનના કારણે ભારત હવે જર્મની, જાપાન, ચીન અને અમેરિકા જેવા વિશ્વના એ ગણતરીના દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે જેઓ ટ્રેનોમાં હાઈડ્રોજન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

દરેક સામાન્ય મુસાફરો, નોકરીયાત વર્ગ અને સ્થાનિક લોકો માટે આ ટ્રેન એક ઉત્તમ અને આરામદાયક વિકલ્પ બનવા જઈ રહી છેઃઆ હાઈડ્રોજન ટ્રેન જીંદ જંક્શન, ગોહાના જંક્શન અને સોનીપતને પરસ્પર જોડશે. રોજિંદા મુસાફરોની સગવડ માટે તેના રૂટ પર ઘણા મહત્ત્વપૂર્ણ હોલ્ટ આપવામાં આવ્યા છે. જેમાં જીંદ સિટી, પાંડુ પિંડારા જંક્શન, લલિત ખેડા હોલ્ટ, ભંભેવા, ઈસાપુર ખેડી હોલ્ટ, બુટાના હોલ્ટ, ખંદરાઈ હોલ્ટ, રભડા હોલ્ટ, લાઠ હોલ્ટ, મોહાના, બરવાસની હોલ્ટ અને સોનીપત ન્યૂ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

ટેક્નોલોજીની દ્રષ્ટિએ આ ટ્રેન પરંપરાગત ડીઝલ ટ્રેનો કરતાં તદ્દન અલગ છે. તેમાંથી કોઈ ધુમાડો કે હાનિકારક ગેસ નીકળતો નથી, પરંતુ બાયપ્રોડક્ટ તરીકે માત્ર પાણીની વરાળ અને ગરમી બહાર ફેંકાય છે. ટ્રેનમાં વીજળી પેદા કરવા માટે 'પ્રોટોન એક્સચેન્જ મેમ્બ્રેન ફ્યુઅલ સેલ' ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે હાઈડ્રોજન અને ઓક્સિજન વચ્ચે કેમિકલ રિએક્શન કરાવીને ઓનબોર્ડ (ટ્રેનની અંદર જ) વીજળી ઉત્પન્ન કરે છે. ૧૨૦૦ કિલોવોટ (kW)ના શક્તિશાળી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ સિસ્ટમથી સજ્જ આ ટ્રેન પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે તેનો મેન્ટેનન્સ ખર્ચ પણ ખૂબ ઓછો છે.

ઊર્જા ક્ષમતાની વાત કરીએ તો હાઈડ્રોજન ડીઝલ કરતાં ઘણું વધારે કાર્યક્ષમ માનવામાં આવે છે. જ્યાં ડીઝલની ઊર્જા ક્ષમતા ૪૩ મેગાજૂલ પ્રતિ કિલોગ્રામ છે, ત્યાં હાઈડ્રોજનની ક્ષમતા ૧૨૦ મેગાજૂલ પ્રતિ કિલોગ્રામ છે. એટલે કે તે ડીઝલ કરતાં આશરે ૩ ગણી વધુ ઊર્જા પ્રદાન કરે છે. રિસર્ચ, ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન તરફથી ટેકનિકલ મંજૂરી મળ્યા બાદ તૈયાર કરવામાં આવેલો આ પાયલોટ પ્રોજેક્ટ ભારતીય રેલવેના 'નેટ ઝીરો કાર્બન એમિશન' (શૂન્ય કાર્બન ઉત્સર્જન)ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. રેલવેએ આ ટ્રેનના સંચાલન માટે જીંદ-સોનીપત રૂટ પર હાઈડ્રોજન સ્ટોરેજ અને રિફ્યુઅલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સંપૂર્ણ તૈયાર કરી લીધું છે.

### દેશના ૨૦ રાજ્યોમાં નિર્માણ થયેલ ૭૫ અમૃત ભારત રેલવે સ્ટેશનનું લોકાર્પણ

દેશના રેલ મુસાફરો માટે આજનો દિવસ ઐતિહાસિક બનવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'અમૃત ભારત રેલવે સ્ટેશન' યોજના હેઠળ દેશના ૨૦ રાજ્યોમાં ફેલાયેલા ૭૫ પુનર્વિકસિત અમૃત ભારત સ્ટેશનોનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. આ મેગા પ્રોજેક્ટ પાછળ કુલ ૧૫૭૦ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય રેલવેના મુસાફરોને એરપોર્ટ જેવી વર્લ્ડ ક્લાસ સુવિધાઓ આપવાનો અને તેમની સફરને વધુ આરામદાયક બનાવવાનો છે.



મધ્ય પ્રદેશના શિવપુરી જિલ્લામાં આવેલ ઐતિહાસિક નરવર કિલ્લામાંથી એક સનસનાટીભરી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. કિલ્લાની સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડાવતા ૨૫ થી ૩૦ જેટલા હથિયારધારી બદમાશો રાતના અંધારામાં સિંધિયા રાજવંશની ૫૦૦ વર્ષ જૂની અને અંદાજે ૩,૦૦૦ કિલો વજન ધરાવતી કિંમતી અષ્ટધાતુની તોપ લૂંટીને ફરાર થઈ ગયા છે. આ ઘટનાએ પુરાતત્વ વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્રને દોડતું કરી દીધું છે.

# ઝારખંડમાં વળતરનો વિવાદ યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો

પલામુ,

પલામુ જિલ્લામાં નેશનલ હાઈવે ૩૯ પર ચિયાંકી ખાતે બાંધકામ હેઠળના ફ્લાયઓવર પાસે જમીન વળતરનો વિવાદ બુધવારે હિંસક બન્યો. વહીવટી ટીમ અને સ્થાનિક ગ્રામજનો વચ્ચે ઉગ્ર બોલાચાલી પથ્થરમારા સુધી પહોંચી. આ અથડામણમાં ફરજ પરના ઘણા ગ્રામજનો અને સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા. આ ઘટના બાદ વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ અને બાંધકામ કાર્ય ખોરવાઈ ગયું.હિંસક અથડામણમાં ઝારખંડ સશસ્ત્ર પોલીસના એક જવાનને ગંભીર ઈજા થઈ. તેને માથામાં ગંભીર ઈજા થઈ, જ્યારે એક મહિલા સહાયક પોલીસ અધિકારીને પગમાં ઈજા થઈ. તમામ ઘાયલોને તાત્કાલિક મેદિનીનગર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ડોક્ટરોની એક ટીમ ઘાયલોનું નિરીક્ષણ કરી રહી છે.ઘટનાની માહિતી મળતાં, સદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અફઝલ અંસારી ભારે પોલીસ દળ સાથેઘટનાસ્થળે પહોંચ્યા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. કોઈપણ અનિચ્છનીય ઘટનાની આશંકા સાથે, વહીવટીતંત્રે ભારતીય નાગરિક સેવા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ પહેલાથી જ આ વિસ્તારમાં પ્રતિબંધિત આદેશો લાગુ કરી દીધા હતા.

# ઈરાન વિરુદ્ધ કાર્યવાહી યોગ્ય,વિશ્વને તેના પરિણામો જોવા મળશે : ટ્રમ્પ

## અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને સંબોધન કરી અમેરિકાની સૈન્ય શક્તિ વિશ્વમાં પાવરફુલ હોવાનું જણાવ્યું

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને સંબોધન કરતી વખતે ઈરાન અંગે એક મોટો અને મહત્ત્વનો સંકેત આપ્યો છે. તેમણે દાવો કર્યો છે કે ઈરાન વિરૂદ્ધ અમેરિકાની વ્યૂહનીતિ સફળતાપૂર્વક આગળ વધી રહી છે અને સમગ્ર વિશ્વ ખૂબ જ ટૂંક સમયમાં તેના પરિણામો જોશે. જોકે, તેમના આ સંબોધન દરમિયાન ટ્રમ્પે કોઈ ચોક્કસ લશ્કરી, રાજદ્વારી કે વ્યૂહાત્મક પગલાંઓનો ખુલાસો કર્યો નહોતો.

અમેરિકન સૈન્ય તાકાતનો ઉલ્લેખ કરતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'અમેરિકા હાલમાં પોતાની સેનામાં રેકોર્ડબ્રેક રોકાણ કરી રહ્યું છે, જેના કારણે આજે આપણી પાસે વિશ્વની સૌથી શક્તિશાળી લશ્કરી શક્તિ છે. મેં મારા પહેલા કાર્યકાળ દરમિયાન જ અમેરિકન સેનાને અત્યંત મજબૂત બનાવી દીધી હતી અને હવે તે ક્ષમતાનો યોગ્ય દિશામાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમે ઈરાન મોરચે મોટી જીત તરફ આગળ વધી રહ્યા છીએ અને ખૂબ જ ટૂંક સમયમાં આપણી આ મહેનતનું પરિણામ આખી દુનિયા સામે હશે.'



રાષ્ટ્રને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની વિદેશ નીતિની સફળતાઓ ગણાવતા વેનેઝુએલાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે અમેરિકાએ વેનેઝુએલામાં મોટી સફળતા મેળવી છે, જેના પરિણામે હવે ત્યાંની સરકાર લાખો બેરલ તેલના ઉત્પાદન અને સપ્લાય ક્ષેત્રે અમેરિકાને સંપૂર્ણ સહયોગ આપી રહી છે.

વેનેઝુએલાની જેમ જ ઈરાન મામલે પણ અમેરિકા સાચી દિશામાં આગળ વધી રહ્યું હોવાનું ટ્રમ્પે જણાવ્યું હતું. જોકે, તેમણે ઈરાન વિરૂદ્ધ કોઈ નવા સૈન્ય ઓપરેશન, આર્થિક પ્રતિબંધો કે વાટાઘાટો અંગેની કોઈ સ્પષ્ટ જાહેરાત ન કરીને આ વ્યૂહનીતિ પર રહસ્ય યથાવત રાખ્યું છે. વિશ્લેષકો આ સંબોધનને આગામી સમયમાં ઈરાન પર વધનારા દબાણના સંકેત તરીકે જોઈ રહ્યા છે.

# બલુચિસ્તાનમાં પાકિસ્તાની સૈન્યના કાફલા ઉપર હુમલો : ૪૫ લોકોના મોતનો બીએલએનો દાવો

## બલૂચ લિબરેશન આર્મીનો સત્તાવાર નિવેદન જાહેર કરીને મોટો હુમલો કર્યો હોવાનો દાવો

નવી દિલ્હી

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં સુરક્ષા દળો સામેની હિંસા સતત વકરી રહી છે.

પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ એક સત્તાવાર નિવેદન જાહેર કરીને દાવો કર્યો છે કે, તેના લડાકુઓએ બલૂચિસ્તાનના મસ્તુંગ જિલ્લાના ખડકોચા વિસ્તારમાં પાકિસ્તાની સૈન્યના એક મોટા કાફલાને નિશાન બનાવ્યો છે. સંગઠનના જણાવ્યા અનુસાર, આ ભીષણ હુમલામાં ૪૫થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને અસંખ્ય જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

બિએલએના પ્રવક્તા જીયંદ બલોચ દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, આ ઓપરેશનને સંગઠનની ખાસ કમાન્ડો વિંગ ફતહ સ્ક્વોડ દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાના જવાનોને લઈ જઈ રહેલી બસો અને તેમની સુરક્ષામાં તહેનાત એસ્કોર્ટ વાહનો પર લડાકુઓએ એકાએક હુમલો કરી દીધો હતો. એટલું જ નહીં, પ્રાથમિક હુમલા બાદ ઘટનાસ્થળે મદદ માટે પહોંચેલી વધારાની સૈન્ય ટુકડીઓ પર પણ ઓચિંતો હુમલો કરીને તેમને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, સૈન્ય કાફલા પર હુમલા બાદ બન્ને પક્ષો વચ્ચે કલાકો સુધી સામસામે ભારે ગોળીબાર અને સશસ્ત્ર અથડામણ ચાલી હતી. બલૂચ સંગઠનનો દાવો છે કે રણનીતિ પૂર્વક કરાયેલી આ કાર્યવાહીમાં સૈન્યને મોટો ફટકો પડ્યો છે અને મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. બીએલએ ટૂંક સમયમાં જ આ ઓપરેશનનો વીડિયો, હુમલાની સંપૂર્ણ રણનીતિ અને પાકિસ્તાની સેનાના કબ્જામાંથી જપ્ત કરાયેલા સૈન્ય હથિયારો તથા સાધનોની વિગતો જાહેર કરવાની પણ જાહેરાત કરી છે.

બીજી તરફ, આટલા મોટા હુમલા અને જાનહાનિના દાવા અંગે પાકિસ્તાની સેના કે પાકિસ્તાન સરકાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે પુષ્ટિ કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી બલૂચિસ્તાનમાં પાકિસ્તાની આર્મી, પેરા મિલિટરી ફોર્સ અને સરકારી પ્રોજેક્ટ્સ પર બીએલએ દ્વારા હુમલા ખૂબ જ તીવ્ર બની ગયા છે, જેના કારણે આખા ક્ષેત્રમાં ભારે તણાવની સ્થિતિ છે અને ઈસ્લામાબાદ પર સુરક્ષા વ્યવસ્થાને લઈને દબાણ સતત વધી રહ્યું છે.

# કોંગ્રેસપ્રમુખમલ્લિકાર્જુનખડગેએચોમાસુ સત્ર પહેલા પીએમ મોદીને પત્ર લખ્યો

## સીમાંકન અને અન્ય બાબતો પર સરકારના સુધારેલા પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવા વિનંતી કરી

નવીદિલ્હી,

૨૦ જુલાઈથી શરૂ થતા સંસદના ચોમાસુ સત્રમાં, કોંગ્રેસ સીમાંકન બિલ અને અન્ય ઘણા સંભવિત કાયદાઓનો સખત વિરોધ કરશે. તે રામ મંદિર ચોરી કેસ, પેપર લીક, ઈથેનોલ અને વિદેશ નીતિ પર સરકાર સાથે ચર્ચા કરવાની પણ માંગ કરશે. ગુરુવારે, કોંગ્રેસ પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સંસદના ચોમાસુ સત્ર પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સરકારના સીમાંકન અને અન્ય બાબતો પર સુધારેલા પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવા વિનંતી કરી.કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ૮ ના રોજ પીએમ મોદીને પત્ર શેર કર્યો. ખડગેએ તેમને સીમાંકન અને અન્ય બાબતો પર સરકારના સુધારેલા પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવા વિનંતી કરી. તેમણે વધુમાં જણાવ્યું કે માર્ચ અને એપ્રિલ ૨૦૨૬ દરમિયાન, તેમણે સંસદીય બાબતોના પ્રધાનને પત્ર લખીને કેન્દ્ર સરકારને સીમાંકન અને અન્ય બાબતો પરના પ્રસ્તાવોની ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવા વિનંતી કરી.

કમનસીબે, આ સ્વીકારવામાં આવ્યું ન હતું. ત્યારબાદ, ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લોકસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬ નિષ્ફળ ગયું.

# 'મને ત્રણ કરોડ રૂપિયા આપો, મંત્રી બનો': પ્રિયંકા ગાંધીના અંગત સચિવ તરીકે ઓળખાવતા એક વ્યક્તિએ ફોન કર્યા

## આરોપીએ પ્રિયંકા ગાંધી વાડ્રાના અંગત સચિવ ડી.એસ.રાજકુમારની ઓળખનો દુરુપયોગ કર્યો

વાયનાડ,

કેરળના સાંસદો અને એક ધારાસભ્ય સાથે છેતરપિંડી કરવા માટે પ્રિયંકા ગાંધી વાડ્રાના અંગત સચિવ તરીકે ઓળખાવનાર છેતરપિંડી કરનાર સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીએ પ્રિયંકા ગાંધીના અંગત સચિવ તરીકે ઓળખાવીને જનપ્રતિનિધિઓ પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. સાયબર પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.પ્રિયંકા ગાંધી વાડ્રાના અંગત સચિવ ડી.એસ. રાજકુમાર દ્વારા રાજ્ય પોલીસ વડા અને વાયનાડ પોલીસ અધિક્ષક (એસપી) સમક્ષ નોંધાવેલી ફરિયાદના આધારે આ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે આરોપીએ રાજકુમારની ઓળખનો દુરુપયોગ કર્યો, પોતાનો પરિચિત હોવાનો દાવો કર્યો અને નવી દિલ્હીમાં રહેતા અનેક જનપ્રતિનિધિઓનો સંપર્ક કર્યો.

ફરિયાદ મુજબ, આરોપીઓએ કોંગ્રેસના ઈલાથુરના ધારાસભ્ય કે. વિદ્યા બાલકૃષ્ણન, સાંસદ શફી પરમ્બિલ અને ડીન કુરિયાકોસનો સંપર્ક કર્યો હતો. રાજકુમારે આરોપ લગાવ્યો હતો કે આરોપીએ તેમની ઓળખ અને સાંસદોના કાર્યાલયનો ઉપયોગ કરીને જનપ્રતિનિધિઓ પાસેથી પૈસા પડાવ્યા હતા.

# ગુજરાતમાંથી જૈશ-એ-મોહમ્મદના પાંચ આતંકવાદીઓ ઝડપાયા

## ગુજરાત એટીએસ ટીમે રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી પાકિસ્તાની આતંકી સંગઠન સાથે જોડાયેલા શખ્સોને ઝડપી લીધા

અમદાવાદ

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડને આતંકવાદી નેટવર્કને નેસ્તનાબૂદ કરવામાં વધુ એક મોટી સફળતા મળી છે. ગુજરાત એટીએસએ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા વધુ ૦૫ આતંકીઓની ધરપકડ કરી છે. ઝડપાયેલા આ પાંચેય આતંકીઓ ગુજરાતના જ અલગ-અલગ જિલ્લાઓમાંથી સક્રિય હતા, જેમને ઓપરેશન હાથ ધરીને દબોચી લેવામાં આવ્યા છે.



મળતી માહિતી અનુસાર, આ કેસમાં ગુજરાત એટીએસએ અગાઉ જૈશ-એ-મોહમ્મદના ૦૮ આતંકીઓની ધરપકડ કરી હતી. આ આતંકીઓની સઘન પૂછપરછ અને તપાસ દરમિયાન મોડ્યુલ સાથે જોડાયેલા અન્ય સભ્યોના નામ સામે આવ્યા હતા. કસ્ટડીમાં રહેલા આતંકીઓએ ઓગળેલી વિગતોના આધારે એટીએસએ આ ઓપરેશન હાથ ધર્યું હતું અને નેટવર્કનો વ્યાપ વધે તે પહેલાં જ વધુ ૦૫ આતંકીઓને દબોચી લીધા છે.

ગુજરાતને આતંકી પ્રવૃત્તિઓથી ધમરોળવાના આ મનસૂબાનો પર્દાફાશ કરવા માટે પોલીસ તંત્ર સતર્ક છે.

આ કેસની કડીઓ મેળવવા માટે એટીએસ દ્વારા અગાઉ અનેક શકમંદ વ્યક્તિઓની અટકાયત કરીને લાંબી પૂછપરછ કરવામાં આવી હતી અને તેના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ પુરાવાઓ અને મજબૂત કડીઓના આધારે આખરે આ પાંચેય સક્રિય આતંકીઓની ધરપકડ કરવામાં આવી છે.

CMYK CMYK

# સુરતના ડાયમંડ કિંગનું અપહરણ બાદ છૂટકારો

## માલીમાં અપહરણકારોએ ત્રણ મહિના પહેલા ધીરુ રામાણીનું કર્યું હતું અપહરણ : ૪૫ કરોડ ખંડણી આપ્યા બાદ થયો છુટકારો

સુરત,

ડાયમંડ કિંગ ધીરુ રામાણીને અલ કાયદાના આતંકી ઉઠાવી ગયા હતા. જે બાદ પરિવારજનોએ ૪૪ કરોડ રૂપિયા આપીને તેમનો છૂટકારો કરાવ્યો હતો.



અપહરણકારોએ હીરાના ૭૫ વર્ષીય વેપારી ધીરુ રામાણી સાથે અન્ય બે ભારતીય – તેમના રસોઈયા અને ઈલેક્ટ્રિશિયનનું ત્રણ મહિના પહેલાં અપહરણ કર્યું હતું અને તેઓને છોડવા માટે રૂપિયા ૧૦૦ કરોડ માગ્યા હતા. આમ છતાં, છેવટે અંદાજે રૂપિયા ૪૪ કરોડ ચૂકવીને તેઓને છોડાવવામાં સફળતા મળી હતી.

હીરા બજારના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ખંડણીની માગ કર્યા બાદ પરિવારજનો ખૂબ જ ચિંતિત હતા. પૈસાની વ્યવસ્થા કરવા માટે દોડધામ કરી હતી. તેમજ અમેરિકામાં રહેતા પરિવારે પોતાના સ્વજનને છોડાવવા માટે અપહરણ કરનારનો સંપર્ક કર્યો હતો.ધીરુ રામાણી સોનાની ખાણના પ્રૉજેક્ટ માટે બે વર્ષ પહેલાં માલી શિફ્ટ થયા હતા. રામાણી પરિવારના એક નજીકના સગાએ પોતાનું નામ જાહેર નહી કરવાની શરતે જણાવ્યું હતું કે તેમને છોડાવવાની આખી કામગીરી પરિવારે જ સંભાળો હતી. તેમાં કોઇ સરકારી એજન્સીની સહાય નથી લેવાઈ. તેમની હીરાની નિકાસ કરતી કંપની અને ન્યુ યોર્કમાં શોરૂમ્સ છે. સુરતના હીરા-મજારમાં તેમનું નામ ઘણું મોટું છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા વિદેશ મંત્રાલય દ્વારા એક ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી હતી. જેમાં સ્પષ્ટતા કરાઈ હતી કે, માલી જેવા દેશમાંથી અપહરણ અને લાપતા થવાની વધી રહેલી ઘટનાઓ અંગે એલર્ટ રહેવા માટે ખાસ ભારતીયોને સૂચના આપવામાં આવી હતી.

# અમદાવાદ : વટવા અપહરણ-દુષ્કર્મ કેસમાં ત્રણ દોષિતોને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા

## સગીરાનું અપહરણ કરી અવારનવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવવાના ચકચારી કેસમાં અમદાવાદની સ્પેશિયલ પોક્સો કોર્ટનોચુકાદો

અમદાવાદ,

વટવા વિસ્તારમાંથી ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરીને તેને વિવિધ રાજ્યોમાં ફેરવી અવારનવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવવાના ચકચારી કેસમાં અમદાવાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સ્પેશિયલ પોક્સો કોર્ટે મુખ્ય આરોપી કિશન મોહનભાઈ ચૌહાણ, તેના કાકા અજીતકુમાર રામબડાઈ પ્રસાદ અને કાકાના મિત્ર જ્ઞાનદેવ બનારસી માંઝીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. સાથે જ પીડિતાને રૂ. ૫ લાખનું વળતર ચૂકવવા લીગલ સર્વિસીસ ઓથોરિટીને આદેશ કર્યો છે.

ફરિયાદની હકીકત મુજબ ૨૩ માર્ચ, ૨૦૨૨ના રોજ વટવા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષ અને ૭ મહિનાની સગીરા શાળાએથી અચાનક ગુમ થઈ ગઈ હતી. પરિવાર દ્વારા વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું કે મૂળ બિહારનો વતની અને વટવામાં રહેતો કિશન ચૌહાણ સગીરાને લલચાવી-ફોસલાવી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ભગાડી ગયો હતો.

આરોપી કિશન પીડિતાને પોલીસથી બચવા માટે કર્ણાટક, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને અંતે બિહાર સહિતના વિવિધ રાજ્યોમાં લઈ ગયો હતો. આ દરમિયાન તેણે અલગ-અલગ સ્થળોએ સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક શોષણ કર્યું હતું. સતત દુષ્કર્મના કારણે સગીરા ગર્ભવતી બની હતી અને બિહારના મેરવા વિસ્તારની સરકારી હોસ્પિટલમાં તેણે બાળકીને જન્મ આપ્યો હતો. બાદમાં પીડિતાના પરિવારજનોએ બિહાર પહોંચી સગીરાને આરોપીની ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી.

# સુરતઃ બાથરૂમમાં પાણી ન નાખવા બાબતે પુત્રએ પિતાની કરી નાંખી હત્યા

સુરત,

પલસાણા પોલીસ મથક હદમાં આવેલ જોલવા ગામે સંબંધોને શરમસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જોલવા ગામની આરાધના ડ્રીમ સોસાયટી વિભાગના મકાન નંબર ૨૫૨માં બાથરૂમમાં પાણી ન નાખવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાબતે પુત્રએ પોતાના જ ૬૦ વર્ષીય પિતાને લોખંડનો સળિયો મારી હત્યા કરી નાખી હતી. આરોપી પુત્રને પલસાણા પોલીસે ઝડપી પાડ્યો છે.

પલસાણા તાલુકાના જોલવા ગામે ઉશ્કેરાયેલા પુત્રએ પિતાની નિર્મમ હત્યા કરી નાખી હતી. પુત્ર ઘાતક સળિયા લઈને આવતો જોઈ વૃદ્ધ પિતા જીવ બચાવવા ઘરની બહાર ભાગી રહ્યા હતા. જોકે ક્રૂર પુત્રએ પાછળ દોડીને ઘરનાં દરવાજા પાસે પિતાના ડાબા કાનની નીચે ગરદનના ભાગે સળિયાનો જોરદાર ફટકો મારી દીધો હતો. લોહી લુહાણ હાલતમાં ઢળી પડેલા પિતા સુખલાલભાઈને ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યાં હોસ્પિટલના ફરજ પરના તબીબે સુખલાલભાઈને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે હત્યાનો ગુનો નોંધી ગણતરીના કલાકમાં આરોપી જીતુને ઝડપી પાડ્યો હતો. આરોપી જીતુ દારૂ પીવાની કુટેવ ધરાવે છે. આરોપી જીતુ છેલ્લા ઘણા સમયથી ઘરમાં અવારનવાર દારૂ પીને કલેશ કરતો હતો. પરંતુ નજીવી બાબતે પિતાને કાનના ભાગે લોખંડના સળિયાથી હુમલો કરી પિતા સુખલાલભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ બાબતે આરોપી જીતુને એની માતા આશાબેને અટકાવવાની કોશિશ કરી હતી પરંતુ આરોપી નશાની હાલતમાં પણ હોય અને ઝઘડો વધુ ઉગ્ર બની જતા અંતે આરોપી જીતુએ એમના પિતા સુખલાલભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

# બનાસકાંઠા : બે અલગ-અલગ સ્થળોએથી ૮૦૬૦ નંગ પ્રતિબંધિત નશાકારક ગોળીઓ સાથે બે શખ્સ ઝડપાયા

## મેડિકલ લાયસન્સની આડમાં ગેરકાયદેસર રીતે ચાલતો ડ્રગ્સનો કાળો કારોબાર

બનાસકાંઠા,

જીલ્લામાંથી નશાના કાળા કારોબારના મોટા રેકેટનો પોલીસ વિભાગ દ્વારા પર્દાફાસ કરવામાં આવ્યો છે જેમાં, બનાસકાંઠાની એસ.ઓ.જી અને વાવ-થરાદ પોલીસે બે અલગ-અલગ જગ્યાએ સફળ રેઈડ કરીને કુલ ૮,૦૬૦ નંગ પ્રતિબંધિત નશાકારક ગોળીઓ ઝડપી પાડી છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં આ જથ્થાની કુલ કિંમત રૂ. ૬,૮૯,૭૭,૬૦૦ આંકવામાં આવી છે. આ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પહેલી રેઈડઃ થરાદ ટાઉનમાંથી રૂ. ૬.૮૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

એસ.ઓ.જીની ટીમે થરાદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વિજય બિઝનેસ કોમ્પ્લેક્ષની પાછળ આવેલા માધવ કોમ્પ્લેક્સના પ્રથમ માળે, દુકાન નં. ૧૨ માં દરોડો પાડ્યો હતો. જે દરમિયાન વગર પાસ-પરમિટની, કાયદાથી પ્રતિબંધિત એવી એન.એક્સ.આર ટર્માડોલ હાઈડ્રોક્લોરાઈડ પેરાસીટામોલ (37.5 mg)ની કુલ ૭,૪૦૦ નંગ ગોળીઓ (કિંમત રૂ. ૬,૮૭,૧૩,૬૦૦) તથા અન્ય સામાન મળી કુલ રૂ. ૬,૮૭,૨૩,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. અને મફાભાઈ નાગજીભાઈ રબારીની ધરપકડ કરી છે.

આરોપી મફાભાઈ ડીસા ખાતે આવેલા 'પટેલ મેડીકલ સ્ટોર્સ'માંથી પોતાના 'સિકોતર મેડીકલ' ના લાયસન્સનો દુરુપયોગ કરી હોલસેલમાં આ પ્રતિબંધિત ગોળીઓ ખરીદતો હતો. નિયમ મુજબ ગ્રાહકોને પ્રિસ્ક્રિપ્શનથી દવા આપવાના બદલે તે દુકાનના ઉપરના માળે આવેલા અવાવરૂ ગોડાઉનમાં જથ્થો છુપાવી રાખતો હતો અને ત્યાંથી બારોબાર ગેરકાયદેસર નશાખોરોને ઊંચા ભાવે વેચી દેતો હતો. આરોપી વિરુદ્ધ થરાદ પોલીસ સ્ટેશનમાં NDPS Act મુજબ ગુનો દાખલ કરાયો છે.

બીજી રેઈડઃ ચોથાનેસડા ગામે કિરાણા સ્ટોર્સમાંથી રૂ. ૨.૭૪ લાખની દવાઓ મળી

પકડાયેલા મુખ્ય આરોપી મફાભાઈ રબારીની સઘન પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો.

# મહીસાગર જિલ્લામાં પિતાના હાથે સગા પુત્રની કુહાડીના ઘા ઝીંકી નિર્મમ હત્યા

## ખેતી કામના ભાડા જેવી નજીવી બાબતે પિતાએ ઘોરનિંદ્રામાં સુતેલા પુત્રની હત્યા કરી

મહિસાગર,

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના આંબા ગામે માત્ર ખેતી કામના ભાડા જેવી નજીવી બાબતે પિતાએ ઘોરનિંદ્રામાં સુતેલા પોતાના જ સગા પુત્રની કુહાડીના ઘા જીકીને નિર્મમ હત્યા કરી નાખી છે.

સમગ્ર મામલે મહીસાગર નાયબ પોલીસ અધીક્ષક જી. એલ ચૌધરીએ આપેલી માહિતી અનુસાર, મહીસાગર સંતરામપુરનાં આંબા ગામે પુત્ર અરવિંદ માલીવાડ જે ખેતીના કામ અર્થે ખેતરમાં કામ કરાવતા હતા અને પિતા રમેશ માલીવાડ વચ્ચે ખેતરમાં ટ્રેક્ટરના ભાડા બાબતે ઉગ્ર બોલાચાલી હતી. આ ખેંચતાણ એ હદે પહોંચી કે ઉશ્કેરાયા પુત્ર અરવિંદ માલીવાડે પોતાના પિતા રમેશ માલીવાડને ક્યાંક લાકડી લઈ મારી દીધી હતી. જોકે તે સમયે આ મુદ્દો શાંત પડી ગયો હતો અને સામાન્ય ઝઘડો કરી બંને પિતા-પુત્ર વિખૂટાં પડી પોત પોતાના કામે લાગ્યા હતા. પરંતુ બાદમાં પિતાએ લોહિયાળ ખેલનું કાવતરૂ રચી પુત્રને મોતને ઘાટ ઉતારી દધો છે.

ખેતી કામના ભાડા જેવી નજીવી બાબતે ઝઘડો કરી ઉશ્કેરાઈ ગયેલા પિતા રમેશ માલીવાડને લાકડી મારતા આવેશમાં આવેલા પિતાએ તે સમયે નહીં, પરંતુ જ્યારે પુત્ર પોતાના ઘોરનિંદ્રામાં ખાટલામાં સુઈ ગયો હતો, તે સમયે ઘરમાં પડેલી કુહાડી ઉઠાવી ખાટલામાં ઉંઘતા પુત્રના માથા અને મોઢાના તેમજ છાતીના ભાગે એકાએક જીવલણ ઘા ઝીંકી દીધા હતા.

# સુરતમાં જગન્નાથ દર્શને જતી કોલેજિયન યુવતીનું ટ્રક અકસ્માતમાં મોત, એક ગંભીર ઈજાગ્રસ્ત

## સાયણ-હજીરા આઉટર રિંગ રોડ પર પૂરપાટ ઝડપે દોડતા ટ્રકે મોપેડને ટક્કર મારતાં દુર્ઘટના સર્જાઈ

સુરત,

અષાઢી બીજના પાવન દિવસે સુરતમાં એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતમાં કોલેજમાં અભ્યાસ કરતી યુવતીનું મોત થયું છે, જ્યારે તેની સાથે રહેલી બીજી યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. સાયણ-હજીરા આઉટર રિંગ રોડ પર પૂરપાટ ઝડપે દોડતા ટ્રકે મોપેડને ટક્કર મારતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.



પ્રાથમિક માહિતી મુજબ, કતારગામ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય રિયા કુંભાણી અને ૨૦ વર્ષીય ઉર્વિષા બાંભણિયા સવારે અમરોલીની કોલેજમાં ગયા બાદ જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિરમાં ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે મોપેડ પર નીકળ્યા હતા. રસ્તામાં સાયણ-હજીરા આઉટર રિંગ રોડ પર તેમની મોપેડને એક ટ્રકે ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે રિયા કુંભાણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે ઉર્વિષા બાંભણિયાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી.

# સુરત એરપોર્ટના રનવે પર દેખાયો ૩ ફૂટનો સાપ, ટેક-ઓફ પહેલાં પાયલોટે ફ્લાઈટ રોકી

સુરત,

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ટેક-ઓફ પહેલાં એક અનોખી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. રનવે પરથી વિમાન ટેક-ઓફ કરવાની તૈયારી ચાલી રહી હતી ત્યારે અચાનક રનવેની વચ્ચે અંદાજે ત્રણ ફૂટ લાંબો સાપ જોવા મળ્યો હતો. વિમાનમાં બેઠેલા એક મુસાફરે સાપને જોતા જ તેની જાણ પાયલોટને કરી હતી. ત્યારબાદ સુરક્ષાને પ્રાથમિકતા આપતાં ફ્લાઈટની મૂવમેન્ટ થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, ખાનગી વિમાન ટેક-ઓફ માટે રનવે પર આગળ વધી રહ્યું હતું ત્યારે એક મુસાફરની નજર રનવે પર રહેલા સાપ પર પડી હતી. મુસાફરે પોતાના મોબાઈલમાં સમગ્ર ઘટનાનો વીડિયો કેદ કર્યો હતો. વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં મુસાફર ગુજરાતીમાં સુરત એરપોર્ટના રનવે પર સાપ જોવા મળ્યાની વાત કરતા સંભળાય છે.

પ્રાથમિક માહિતી મુજબ, ચોમાસાની ઋતુ દરમિયાન એરપોર્ટની આસપાસ આવેલી ઝાડીઓ અને ખુલ્લા વિસ્તારોમાંથી સાપ અને અન્ય સરીસૃપો બહાર આવવાની શક્યતા વધી જાય છે. માનવામાં આવી રહ્યું છે કે આ સાપ નજીકની ઝાડીઓમાંથી સરકીને રનવે સુધી પહોંચી ગયો હતો.

સાપ અંગેની જાણ થતાં જ એરપોર્ટ નો ગ્રાઉન્ડ સ્ટાફ અને સુરક્ષા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિમાનની મૂવમેન્ટ થોડા સમય માટે નિયંત્રિત કરવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. બાદમાં પરિસ્થિતિ સામાન્ય થતાં ફ્લાઈટ ઓપરેશન નિયમિત રીતે શરૂ કરવામાં આવ્યું હતું.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં કમલમ ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

## બેઠકમાં રાજ્યના ટોચના નેતાઓ અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા ન્યુઝીલેન્ડમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ બાદ સુનામીની ચેતવણી

સુરત,

ગુરુવારે ન્યુઝીલેન્ડ ૫.૯ ની તીવ્રતાના ભૂકંપથી હચમચી ગયું હતું, દક્ષિણ ટાપુ પર આવેલા તે અનાઉ શહેર નજીક ભૂકંપ આવ્યા બાદ અધિકારીઓએ શરૂઆતમાં જારી કરાયેલી સુનામી ચેતવણીને એડવાઈઝરીમાં ઘટાડી દીધી હતી

ભૂકંપ તે અનાઉથી લગભગ ૪૦ કિમી ઉત્તરમાં આવ્યો હતો, અધિકારીઓએ શરૂઆતમાં તેની તીવ્રતા ૬.૩ નો અંદાજ લગાવ્યો હતો અને દક્ષિણ ટાપુના પશ્ચિમ કિનારા માટે મિલ્ફોર્ડ સાઉન્ડથી પુયસેગુર પોઈન્ટ સુધી સુનામી ચેતવણી જારી કરી હતી. અપડેટેડ મૂલ્યાંકન પછી ચેતવણીને બાદમાં ડાઉનગ્રેડ કરવામાં આવી હતી.

સુનામી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હોવા છતાં, ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન એજન્સી (NEMA) એ ચેતવણી આપી હતી કે દરિયાકાંઠાના વિસ્તારોમાં હજુ પણ "તીવ્ર અને અસામાન્ય પ્રવાહો અને કિનારા પર અણધારી લહેરો"નો અનુભવ થઈ શકે છે. રહેવાસીઓ અને મુલાકાતીઓને પાણીની બહાર રહેવા, દરિયાકિનારા ટાળવા અને બંદરો, મરીના અને નદીના મુખથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. ન્યુઝીલેન્ડની જીઓનેટ મોનિટરિંગ સિસ્ટમે આ વિસ્તારમાં "તીવ્ર" ધ્રુજારીની જાણ કરી હતી. તે અનાઉમાં ફિઓર્ડલેન્ડ હોટેલના ડ્યુટી મેનેજર મેલેન પુયાટે રોઈટર્સને જણાવ્યું હતું કે ભૂકંપ લગભગ એક મિનિટ ચાલ્યો હતો.

"તે થોડું જોરદાર હતું. હોટેલ ધ્રુજી રહી હતી, પરંતુ અંદર કંઈ પણ હલ્યું નહીં," તેણીએ કહ્યું.

અન્ય એક રહેવાસીએ ઓટાગો ડેઈલી ટાઈમ્સને જણાવ્યું કે ધ્રુજારી "લાંબી અને જોરદાર" હતી અને "ટ્રેન જેવી" સંભળાઈ, અને ઉમેર્યું કે "દિવાલો ચોક્કસપણે ખસી રહી હતી." તે અનાઉ એ ફિઓર્ડલેન્ડનું પ્રવેશદ્વાર છે, જે ન્યુઝીલેન્ડના દક્ષિણપશ્ચિમમાં એક લોકપ્રિય પર્યટન સ્થળ છે જે તેના નાટકીય હિમનદી લેન્ડસ્કેપ્સ માટે જાણીતું છે.

# સુરતમાં ઓનલાઈન હાજરીના અમલ બાદ ૫૫૦થી વધુ શિક્ષકોને કારણદર્શક નોટિસ

## ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમમાં નિયમિત હાજરી નોંધાઈ ન હોવાથી કાર્યવાહી

સુરત,

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ઓનલાઈન હાજરી પ્રણાલીના કડક અમલ બાદ ૫૫૦થી વધુ શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્ય સરકારના ડિજિટલ શિક્ષણ અભિયાન હેઠળ અમલમાં મુકાયેલી જીપીએસ આધારિત ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમમાં નિયમિત હાજરી નોંધાઈ ન હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું શિક્ષણ સમિતિના સૂત્રોએ જણાવ્યું છે.

શિક્ષણ સમિતિએ ૮ જૂનથી ૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાનના ઓનલાઈન હાજરીના રેકોર્ડની સમીક્ષા કરી હતી. તપાસમાં ૫૫૮ શિક્ષકોની એક અથવા વધુ દિવસની ઓનલાઈન હાજરી નોંધાઈ ન હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ તમામ શિક્ષકોને સત્તાવાર કારણદર્શક નોટિસ પાઠવી લેખિત સ્પષ્ટતા માંગવામાં આવી છે. ખુલાસો આપવા માટે મર્યાદિત સમય પણ આપવામાં આવ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાના જણાવ્યા મુજબ, નવી એટેન્ડન્સ સિસ્ટમ સંપૂર્ણપણે જીપીએસ લોકેશન આધારિત છે. શિક્ષક શાળાના કેમ્પસમાં હાજર હોય અને તેમનું લાઈવ લોકેશન સિસ્ટમમાં ચકાસાય ત્યારે જ હાજરી માન્ય ગણાય છે. આ વ્યવસ્થા દ્વારા શાળામાં હાજર રહ્યા વગર અન્ય સ્થળેથી હાજરી નોંધાવવાની શક્યતા સંપૂર્ણપણે બંધ કરવામાં આવી છે.

નોટિસ મેળવનારા ઘણા શિક્ષકોએ પોતાના બચાવમાં ટેકનિકલ કારણો રજૂ કર્યા છે. કેટલાક શિક્ષકોનું કહેવું છે કે અંતરિયાળ વિસ્તારોની શાળાઓમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા રહે છે, જ્યારે કેટલાકે સરકારના ઓનલાઈન પોર્ટલમાં સર્વર ડાઉન અથવા ટેકનિકલ ખામીના કારણે સમયસર હાજરી નોંધાઈ ન હોવાનું જણાવ્યું છે. તેમના જણાવ્યા મુજબ તેઓ શાળામાં હાજર હતા, પરંતુ સિસ્ટમમાં હાજરી અપલોડ થઈ શકી નહોતી.

રાજ્ય સરકારના સર્વ શિક્ષા અભિયાન સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રાજ્યની સરકારી શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરીનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવે છે. સુરતની કેટલીક શાળાઓમાં હાજરી સંબંધિત ગેરમિલ જોવા મળતાં ગાંધીનગરથી તપાસના આદેશ આપવામાં આવ્યા હતા, જેના આધારે સ્થાનિક શિક્ષણ સમિતિએ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં ૨૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર કૌશલ્ય વિકાસ ભવનનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભૂમિપૂજન કર્યું

## ભવનમાં તાલીમ, સેમિનાર, ટેક્નિકલ વર્કશોપ, ઉદ્યોગ માર્ગદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટઅપ માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓ થશે

ગાંધીનગર,

નવી પેઢીના કૌશલ્ય વર્ધન અને ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે ગાંધીનગર ખાતે નિર્માણ થનારા 'કૌશલ્ય વિકાસ ભવન'નું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અષાઢી બીજના પર્વે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત તેમજ ઉદ્યોગ વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ પ્રસંગે અખિલ ભારતીય સંયોજક (હિન્દુ ધર્માચાર્ય સભા)ના પરમ પૂજ્ય સ્વામી પરામાનંદ સરસ્વતીજી મહારાજે વિશેષ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતા. નવીન ભવનના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનાર દાતાઓનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત તેમજ ઉદ્યોગ વિકાસ પરિષદના ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, અષાઢી બીજના પવિત્ર દિવસે મુખ્યમંત્રીના હસ્તે કરાયેલ નવીન કૌશલ્ય વિકાસ ભવન આવનારા સમયમાં આપણા દેશના યુવાનો અને લઘુ ઉદ્યોગો માટે પ્રગતિનું એક નવું દ્વાર બનશે. આ સંસ્થાનો મૂળ મંત્ર 'ઉદ્યોગ સાથે રાષ્ટ્રહિત' એ એક સંપૂર્ણ વિચારધારા છે. આ ભવન આપણા ઉદ્યોગોને નવી ટેકનોલોજી અને કુશળતા પૂરી પાડવામાં એક પથદર્શક સાબિત થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઔદ્યોગિકલક્ષી નીતિઓના પરિણામે આપણું ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ત્યારે આ ભવન આવનારા દિવસોમાં યુવાનોને આધુનિક ઔદ્યોગિક જરૂરિયાત મુજબ ટેકનિકલ તાલીમ આપીને રોજગારીની નવી તકો ખોલી આપશે.

# 'જય રણછોડ માખણચોર'નો નાદ ગુંજી ઉઠ્યો:રાજકોટમાં જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા, રાજવી માંધાતાસિંહનાં હસ્તે પહિંદવિધિ કરાઈ






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ:અષાઢી બીજ નિમિતે રાજકોટ શહેરમાં જુદી-જુદી રથયાત્રાઓ યોજાઈ હતી. જેમાં નાનામૌવાથી નીકળેલી રથયાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. 'જય રણછોડ માખણચોર'નો નાદ ગુંજી ઉઠ્યો હતો. જેમાં રાજવી માંધાતાસિંહનાં હસ્તે પહિંદવિધિ કરાઈ હતી. જ્યારે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, મેયર ડો.નેહલ શુક્લ તેમજ ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતનાં આગેવાનો હાજર રહ્યા હતા. સવારે ૮.૩૦ વાગ્યે આ રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે દિવસભર ૨૨ કિમીના રૂટમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં ફરશે અને ભગવાન નગરચર્યા નીકળ્યા છે.

આ તકે કૈલાશધામ આશ્રમ જગન્નાથ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસે કહ્યું હતું કે, ભગવાન જગન્નાથની આ રથયાત્રાનાં રથની વિશેષતા છે કે, તેમાં પ્રથમ રથમાં બલભદ્ર, બીજા રથમાં સુભદ્રાજી અને ત્રીજા રથમાં ભગવાન જગન્નનાથ બિરાજમાન થયા છે. જે ભાવિકો મંદિર આવતા નથી તેમને ભગવાન સામે ચાલીને દર્શન આપે છે. ભગવાનના દર્શન માત્રથી લોકોનું જીવન મંગલમય અને સુખમય બની જાય છે. ભગવાન જ્યારે નગરચર્યાએ નીકળે ત્યારે આ રથને સ્પર્શ કરે તે લોકોનું પણ કલ્યાણ થઈ જાય છે. જો રથના દોરડા ખેંચે તેના હાથની અશુભ રેખાઓ શુભ રેખામાં પરિવર્તન પામે છે. રથમાં ભગવાનનું દિવ્ય રૂપ જોવા મળે છે.

મહંત ત્યાગી મનમોહનદાસે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૧૯ વર્ષથી આ રથયાત્રા યોજાય છે. રથની ઉપર પંચરંગી ધ્વજા હોય છે. ધ્વજા લહેરાય એટલે લોકોના જીવનમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ભગવાનની અસીમ કૃપાથી આ વર્ષે રથયાત્રા યોજાઇ છે. તેમજ અત્યાર સુધીમાં એક પણ વિઘ્ન આવ્યું નથી. બધા જ રાજકોટવાસીઓ પર ભગવાન કૃપાદ્રષ્ટિ રાખે તેવી પ્રાર્થના છે. રથયાત્રાનો ૨૨ કિલોમીટરનો રૂટ છે અને નિજ મંદિરમાં ભગવાન પરત આવે ત્યારે મહાઆરતી કરવામાં આવશે. બધી જ જગ્યાએ રથયાત્રા થાય છે. પરંતુ રાજકોટની રથયાત્રાની વિશેષતા એ છે કે, તેમાં સાધુ-સંતો અને લોકો કરતબો દેખાડી રહ્યા છે.

# સ્વામિનારાયણ ગુરુકુલની રથયાત્રામાં ભાવિકો ભક્તિમાં રંગાયા



રાજકોટ:અષાઢી બીજ ના પાવન દિવસે દર વર્ષની પરંપરા મુજબ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટથી સાંજના ૪ વાગ્યે વડીલ સંતો ગુરુ મહારાજ શ્રી દેવકૃષ્ણદાસ સ્વામી, નારાયણદાસ સ્વામી, શ્રીવલ્લભ સ્વામી, , પૂર્ણપ્રકાશ સ્વામી, હરિપ્રિય સ્વામી, રસિકવલ્લભ સ્વામી, જનમંગલ સ્વામી, વૃંદાવન સ્વામી, ચૈતન્ય સ્વામી વગેરે સંતોના હસ્તે રથયાત્રા નો પ્રસ્થાન કરવામાં આવ્યું.

રાજકોટ શહેરના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, મેયર નેહલભાઈ શુક્લા, શાસક પક્ષના નેતા હિરેનભાઇ ખીમાણીયા, કોર્પોરેટર કૌશિકભાઈ ટાંક, નાયબ પોલીસ કમિશનર હેતલબેન પટેલ વગેરે મહાનુભાવો રથયાત્રામાં જોડાયા હતાં. ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૫મી જન્મ જયંતી અંતર્ગત ગુરુકુલમાં ભજન ભક્તિથી ઉજવણી કરવામાં આવી હતી.

મુખ્ય રથમાં જગન્નાથજી, સુભદ્રાજી અને બળભદ્રજીને વરસાદના અમીવૃષ્ટિ વચ્ચે ગુરુકુલથી ઢેબર રોડ, નાગરીક બેંક ચોક, ભક્તિનગર સર્કલ, ૮૦ ફૂટ રોડ, શેઠ હાઈસ્કુલ,પારડી રોડ, સહકાર રોડ, ત્રિશુલ ચોક, ગાયત્રીનગર મેઈન રોડ, જલારામ ચોક, ધર્મજીવન મેઈન રોડ વગેરે નગર વિચરણ કરી ગુરુકુલ સમાપન થયું હતું.

૩૦ બાલ સાયકલ સવારો, ૩૦ ઈલેક્ટ્રિક બાઈક, ઈલેક્ટ્રિક કાર, ટ્રેક્ટર વગેરે સાથે આગળ પાછળ કચરો સાફ કરવા વાળા વાહનો જોડાયા હતા.

રથ યાત્રાના રુટના દરેક મુખ્ય ચોક અને પોઈન્ટમાં ભક્તો દ્વારા રથની આરતી ઉતારવામાં આવી હતી. રથયાત્રાના માર્ગમાં ભક્તો દ્વારા પુષ્પપાંદડીથી વધામણી કરવામાં આવી હતી. યાત્રા દરમિયાન જુદા જુદા પોઈન્ટ ઉપર મગ, ખારીશીંગ, ચોકલેટ, રેવડી વગેરે જુદી જુદી પ્રસાદીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્ટૂન કેરેક્ટર ના ગેટઅપમાં કાર્ટૂને બાળકોનું મનોરંજન કર્યું હતું. વિવિધ રાસ મંડળીઓએ સમગ્ર રથયાત્રામાં ડીજેના સથવારે રાસની રમઝટ બોલાવી હતી તેમજ કિર્તન મંડળીઓએ કીર્તનભક્તિની જમાવટ કરી હતી. ગોવાળિયાના ડ્રેસમાં યુવાનોનો હિચ રાસ, યુવતીઓનો દાંડિયા રાસ અને મહિલા દ્વારા ખંજરી રાસ અને કરતાલ રાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# 'શિક્ષક એક જ્યોતિર્પૂજ'' વિષય પર વી.વી.પી. ના કર્મચારીઓ માટે એક દિવસીય વર્કશોપ યોજાયો



રાજકોટ:વી.વી.પી. માં ''શિક્ષક એક જ્યોતિર્પૂજ" વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાયો હતો, જેમાં શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ના પ્રમુખ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી, ડો. સંજયભાઈ કામદાર- કણસાગરા કોલેજના ગુજરાતી વિભાગના પ્રોફેસર, ડો. આશિષભાઈ શુકલ-ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજના પ્રોફેસર, વી.વી.પી.ના ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુકલ, ડો. નરેન્દ્રભાઈ દવે, વી.વી.પી. કોલેજના પ્રિન્સીપાલશ્રી ડો. પિયુષભાઈ વણઝારા, આર્કિટેક્ચર કોલેજના પ્રિન્સીપાલશ્રી પ્રો. દેવાંગભાઈ પારેખ, કીચ સ્કૂલ ઓફ ડીઝાઈનના પ્રિન્સિપાલ શૈલીબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય વર્કશોપ માં વી.વી.પી. એન્જીનીયરીગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને કીચ સ્કૂલ ઓફ ડિઝાઈન ના તમામ વિભાગીય વડાઓ, પ્રાધ્યાપક ગણ અને કર્મચારીગણે ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે, શિક્ષક યુગનિર્માતા, રાષ્ટ્ર નિર્માતાઓ, જ્યોતિર્ધર, જ્યોતિર્પૂજ છે. દુનિયાના સૌથી નોબલ, પવિત્ર પ્રોફેશનમાં તમે બધા છો તે વિશેષ વાત છે. શિક્ષક ભવિષ્યના શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરી શકશે. શિક્ષક વિશે તેમણે વાત કરતાં ડો. એ. પી. જે. અબ્દુલકલામને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કલામ સાહેબ રાષ્ટ્રપતિ બન્યા પછી પણ પોતે એ વાત જ યાદ કરતાં કે, પોતે શિક્ષક છે તેનું તેમને ગૌરવ છે.

વિદ્યાર્થીઓની વાત આવે ત્યારે તેમનું સંપૂર્ણ ધ્યાન રાખવું તે શિક્ષકોની ફરજ છે. તેની મનોચિકિત્સા કરવાનું કામ પણ શિક્ષકનું છે.બાદમાં ડો. અશિષભાઈ શુકલ-ગર્વમેન્ટ એન્જીનીયરીગ કોલેજના પ્રોફેસરે આ વર્કશોપમાં ''શિક્ષક અને સામાજીક ઉત્તરદાયિત્વ'' વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષક અનેસમાજ માટેનુંતેનુંઉત્તરદાયિત્વ એ શિક્ષણનો હાર્દ છે. સમાજ માટે ઘસાવું, સમાજ માટે કાંઈક કરી છૂટવું આ પણ શિક્ષણનું અગત્યનું અંગ છે.

# નદીકાંઠામાં ગંદાપાણીનો પ્રવાહ ભળતો રોકવાનું આયોજન કરો : રૂપાલા

## કલેક્ટર કચેરી ખાતે દિશા સમિતીની મળેલી બેઠકમાં જિલ્લાના જળાશયોના વિકાસ અને વિસ્તાર માટેની કામગીરી કરવા સાંસદનું સુચન



રાજકોટ: સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં 'દિશા' સમિતિ (ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરિંગ કમિટી)ની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે મેયર નેહલભાઈ શુક્લા, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ બેઠકમાં ૩૩ કચેરીઓ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે અમૃત ૨.૦, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન તેમજ માર્ગ અને મકાન વિભાગના પ્રગતિ હેઠળના વિકાસલક્ષી કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ તકે સાંસદએ અષાઢી બીજની શુભેચ્છા પાઠવ્યા બાદ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

સાંસદએ રાજકોટ જિલ્લાના જળાશયો બારેમાસ ભરાયેલા રહે, ચેકડેમોની ક્ષમતા વધારવા, વોટર રીસોર્સિંગ ડેવલપમેન્ટ તેમજ નદી કાંઠે ગંદા પાણીનો પ્રવાહ ન ભળે અને બંને પ્રવાહ અલગ રહે તે પ્રકારની મજબૂત વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂક્યો હતો.વધુમાં તેમણે આવાસ યોજના હેઠળ ટેન્ડર પ્રક્રિયા અને આવાસ એલોટમેન્ટ વિશે માર્ગદર્શન આપ્યું હતું. વિંછીયા ખાતે કસ્ટમ હાયરિંગ સેન્ટરમાં ખેડૂતોને ટ્રેક્ટર અને રોટાવેટર સહિતના ખેતીલક્ષી સાધનો ભાડે આપવાની કામગીરીની ચર્ચા કરી હતી.

ઉપરાંત, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન અને સોઈલ હેલ્થ કાર્ડ તેમજ પશુપાલન કચેરીની વિવિધ યોજનાઓ, પશુઓની વિવિધ જાતો મુજબ નોંધણીની કામગીરીની છણાવટ કરી હતી. શાળાઓમાં માનવ સંસાધન, સમગ્ર શિક્ષા ગ્રાન્ટના પ્રગતિ અહેવાલ, ઈત્તર પ્રવૃત્તિઓ, આંગણવાડીઓના બાંધકામનું વિશ્લેષણ તેમજ 'ભાર વિનાનું ભણતર' સૂત્ર સાર્થક કરવા જણાવ્યું હતું.

વધુમાં, સાંસદએ રાજકોટ નગરની આસપાસના લોકોની સુખાકારી માટે પર્યાવરણ અને જળસંચયને લગતા પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરવા સૂચના આપી હતી. આયુષ્માન કાર્ડની ૦૩ વર્ષની વેલિડિટી બાબતે રિન્યુઅલની કામગીરી થાય તથા આ બાબતે નાગરિકોમાં જાગૃતિ ફેલાઈ તેવી વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂક્યો હતો. રાજકોટના ખેલાડીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ શકે તે માટે સક્ષમ બનાવવા જરૂરી સવલતો ઉભી કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઉપરાંત, લીડ બેન્ક, નાબાર્ડ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, બી.એસ.એન.એલ., પી.જી.વી.સી.એલ., ગુજરાત ગ્રીન રીવોલ્યુએશન કંપનીની કામગીરીની ચર્ચા કરી હતી. બેઠકમાં કલેક્ટર દ્વારા ધારાસભ્યોએ રજૂ કરેલા પ્રશ્નો અને જિલ્લાના પ્રગતિ હેઠળ અને આગામી દિવસોમાં થનારા વિકાસ કાર્યો અંગે સવિસ્તર ચર્ચા-પરામર્શ કરીને આવશ્યક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તેમજ આ બેઠકના અંતે કલેક્ટરએ 'માય ભારત' એપ્લિકેશન પર જિલ્લાના તમામ યુવાનોનું રજીસ્ટ્રેશન થાય તે બાબતની કાળજી લેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

## ચોરાઉ માલ-સટ્ટાના નામે પોલીસની તોડબાજી! સુવર્ણકાર સમાજ મેદાને

# સોની બજારના નાના-મોટા ૫૦૦ વેપારીઓની સહી સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર

## ચોર સાચુ-ખોટુ નામ આપે તો પણ તપાસ કે પુરાવા વિના વેપારીઓનું ગળુ પકડીને ખંખેરાતા હોવા સહિતના ચોંકાવનારા આક્ષેપ

રાજકોટ:ચોરીનો માલ રિકવર કરવાના અને તપાસના નામે સોની વેપારીઓને થતી કનડગતનો વખતો વખત વિરોધ-ઉહાપોહ થાય છે જ ત્યારે હવે રાજકોટનો સુવર્ણકાર સમાજ મેદાને પડ્યો છે. ચોરીનો માલ-સટ્ટાના નામે પોલીસે રીતસર 'તોડબાજી' જ શરૂ કરી હોવાના ગંભીર આરોપ સાથે ૫૦૦ નાના-મોટા વેપારીઓની સહી સાથે જિલ્લા કલેક્ટરથી માંડીને ગૃહમંત્રી તથા વડાપ્રધાનને અરજી કરી છે.

રાજકોટના સોની બજાર સ્થિત સુવર્ણકાર સમાજ નામના સોના-ચાંદીના નાના મોટા વેપારીઓના સંગઠન દ્વારા વડાપ્રધાનને પાઠવાયેલા લેખિત પત્રમાં એમ કહેવાયું છે કે રાજકોટના સોના-ચાંદીના દાગીના દુનિયાભરમાં વિખ્યાત છે અને તેના આધારે વિશ્વમાં રાજકોટની ઓળખ છે.

હજારો-લાખો કારીગરોને રોજગારી પુરી પાડે છે અને સરકારી ટેક્સ આવકમાં કરોડો રૂપિયાનું યોગદાન આપે છે. સમાજમાં પણ પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવે છે પરંતુ રાજકોટ પોલીસ સોની વેપારીઓને ચોર અને સટ્ટોડિયા ગણીને ભારે હેરાન-પરેશાન કરવામાં આવે છે.

સુવર્ણકાર સમાજના પુનિતાબેન પારેખે આ મામલે લડતની આગેવાની લીધી છે. નાના મોટા ૫૦૦ જેટલા વેપારીઓની સહી સાથે પત્રમાં એવો આક્ષેપ કર્યો છે ક્યાંય ચોરી થાય અને ચોરીના દાગીના પકડાય તો વેપારીઓના ગળા પકડવામાં આવી છે. ચોર દ્વારા 'બારોબાર' નામ આપી દેવામાં આવ્યું હોય તો પણ કોઈ તપાસ કે પુરાવા વિના વેપારીને પરેશાન કરાય છે. તપાસના નામે 'વહીવટ' કરવામાં આવે છે.

ચોર પાસેથી માલની રિકવરી કરવાના બદલે વેપારીને ડરાવવા-ધમકાવવામાં આવે છે એવી શંકા છે કે ચોર સાથે સાઠગાંઠ કરીને પણ આવા કૃત્ય થતાં હોઇ શકે છે. કોઈપણ પુરાવા, તથ્ય કે વોરંટ વિના જ વેપારીની દુકાનમાં ઘુસીને જડતી લેવામાં આવે છે.

ગ્રાહકોનું સોનુ રાખવામાં આવ્યું હોય તો પણ લઈ લેવામાં આવે છે.પોલીસ સોની બજારમાં રેકી કરે છે પરંતુ તે ગુનાખોરી અટકાવવા નહી પણ તોડબાજી માટે કરતી હોવાના આક્ષેપ સાથે એમ કહ્યું કે કાયદાનો ગેરલાભ ઉઠાવીને વેપારીઓ પર દમન ગુજારે છે સમાજ માટે તે હાનિકારક છે લોકોને પોલીસ પરથી વિશ્વાસ ઉઠી જાય તેવા કૃત્યો થાય છે.

પોલીસ રક્ષક નહીં પણ ભક્ષક હોવાનો ઘાટ સર્જાયો છે. ચોર-આરોપીને જામીન મળી જાય પછી પણ વેપારીને ત્યાં આવીને સોનુ હડપ કરવાની પેરવી થાય છે. પોલીસનું કામ 'લો એન્ડ ઓર્ડર' જાળવવાનું છે પરંતુ તેમાં કાંઈ કરવાને બદલે તોડબાજી કરે છે, ચોરો સાથે મીલીભગત કરીને તેને છાવરે છે અને આરોપીને ઢાલ બનાવી વેપારીને ખંખેરવામાં આવે છે તે એક પ્રકારની ખંડણી જ છે.

આ ઉપરાંત ગેરકાયદે સટ્ટાના નામે પણ તોડબાજી કરવામાં આવે છે. સોના-ચાંદીનું વર્લ્ડ માર્કેટ છે. પળેપળ ભાવ બદલાતા હોય છે. વેપારીઓ લેપટોપ-મોબાઇલની સ્ક્રીનના આધારે ભાવ પર વોચ રાખતા હોય છે. પોલીસ 'સટ્ટો' રમતા હોવાના નામે તોડબાજી કરે છે. આ ઉપરાંત જ્યાં સુધી ગ્રાહક તેણે ખરીદેલું સોનુ લઇ ન જાય ત્યાં સુધી બીલ બનતું નથી. કાચી



ચીઠ્ઠીમાં નોંધ રાખવામાં આવે છે તેને સટ્ટો ગણીને હેરાન કરવામાં આવે છે અને તોડબાજી થાય છે.આ જુદી-જુદી પ્રકારની હેરાનગતિથી સુવર્ણકાર સમાજ ત્રાહિમામ થઇ ગયો છે. ધારાસભ્યનું ધ્યાન દોરવામાં આવ્યું છે. ગૃહમંત્રીને રજુઆત કરવા સમય માંગવામાં આવ્યો છે. લોકલ સત્તાધારી બોડીને પણ ફરિયાદ કરી છે. વેપારી વર્ગની મુશ્કેલી દુર કરવા માંગ કરવામાં આવી છે.

સુવર્ણકાર સમાજ દ્વારા વડાપ્રધાન મોદીને પાઠવાયેલા પત્રમાં પોલીસ માટે તપાસની માર્ગદર્શિકા નકકી કરવાની માગણી કરવામાં આવી છે. તપાસ સંબંધી સુચના આપીને જવાબદારી નકકી કરવામાં આવે. તોડબાજીની તપાસ કરીને દોષિતોને સજા કરવામાં આવે તો સમગ્ર વેપાર વ્યવસ્થા ટકી શકશે અને દુનિયામાં રાજકોટની ઓળખ યથાવત રહી શકશે.

# રાજકોટમાં બપોરે અષાઢી બિજનું થોડુ મુહુર્ત સાચવતા મેઘરાજા



રાજકોટ:રાજકોટ શહેરમાં તાજેતરમાં ભીમ અગિયારસ કોરી ગયા બાદ આજરોજ અષાઢીબીજનું થોડુ મુહુર્ત મેઘરાજા એ સાચવ્યુ હતુ અને બપોરે એકાદ વાગ્યા બાદ શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં થોડી મિનિટો માટે વરસાદી ઝાપટા વરસી ગયા હતા. જો કે, બપોરે બે વાગ્યાથી ફરી ઝડપી પવન સાથે તડકા-છાંયડાભર્યું હવામાન છવાઈ ગયુ હતું.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ શહેરમાં બપોરે ૧૨ વાગ્યા આસપાસ લોકલ ફોર્મેશનનાં કારણે ઝાપટાથી માંડી ૦? ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. બાદ આજે પણ ફરી બપોરે થોડી મીનીટો માટે જુદા-જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. આજે અષાઢીબીજ હોય બપોરે વરસાદ આવતા લોકોને આશા બંધાઈ હતી.

દરમ્યાન જામનગરમાં મેઘાવી માહોલ વચ્ચે મહતમ તાપમાન એક ડીગ્રી ગગડયુ હતુ અને પારો ૩૫ ડીગ્રી પર સ્થિર થયો હતો જયારે લઘુતમ તાપમાનનો પારો સતત ત્રીજા દિવસે પણ ૨૮ ડીગ્રી રહ્યો હતો. શહેરમાં સમયાંતરે આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. જો કે, મોડીસાંજ સુધીમાં કોઈ નોંધપાત્ર વરસાદ પડયો ન હતો

જિલ્લામાં ધ્રોલમાં ૪ મીમી, કાલાવડમાં ૧ મી.મી., લાલપુરમાં ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. શહેરમાં તોફાની પવનનો વેગ પણ આંશિક ઘટયો હતો. ૧૩.૪ કી.મી.ની ઝડપે પવન ફુંકાયો હતો. બીજી બાજુ રોજનું પ્રમાણ હજુ પણ ૭૭ ટકા જેટલું ઉંચુ રહેતા ખાસ કરીને બપોરે શહેરીજનોએ ઉકળાટનો અહેસાસ કર્યો હતો.

# ફાર્મસી કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરાઇ

રાજકોટ:ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે

અધિનિયમની જોગવાઈઓ અનુસાર, ડીપ્લોમા-ઇન-ફાર્મસી અથવા ડીગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી અથવા મેથેમેટિક્સના વિષયો સાથે પાસ કરેલી હોવી ફરજિયાત છે.આ બાબતે ખાસ સ્પષ્ટતા કરવામાં આવે છે કે વિદ્યાર્થીએ ધોરણ-૧૨ની પરીક્ષા સરકાર માન્ય બોર્ડમાંથી જ પાસ કરેલી હોવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી અમાન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ કરીને ફાર્મસી કોલેજમાં પ્રવેશ મેળવશે, તો તેનો અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા રજીસ્ટ્રેશનને પાત્ર ગણાશે નહી. ધોરણ-૧૨ ના પરિણામો જાહેર થયા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ વચ્ચે ખૂબ સ્પર્ધા જોવા મળે છે.

આ ઉપરાંત, જે-તે કોલેજમાં કાઉન્સિલ દ્વારા મંજૂર કરવામાં આવેલી બેઠકોની સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાશે. જો કોઈ વિદ્યાર્થી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી વગરની સંસ્થામાં પ્રવેશ મેળવશે, મંજૂર બેઠકો કરતાં વધુ બેઠકો પર પ્રવેશ લેશે, અથવા જે સંસ્થાની પરીક્ષા લેતી ઓથોરિટીને CI ની મંજૂરી ન હોય તેવી જગ્યાએ અભ્યાસ કરશે, તો તેવા વિદ્યાર્થીઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન મળવાપાત્ર રહેશે નહી.ગુજરાતમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ફાર્મસી કોલેજોની અધિકૃત યાદી કાઉન્સિલની સત્તાવાર વેબસાઇટ www.pci.nic.in પર ઉપલબ્ધ છે.

# ધો. ૧૦ પાસ અને નાપાસ વિદ્યાર્થીઓ માટે કોટડાસાંગાણી આઈ.ટી.આઈ.માં પ્રવેશની ઉત્તમ તક

રાજકોટ:રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી ખાતે આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ( )માં વિવિધ ટેકનિકલ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સત્ર-૨૦૨૬ અંતર્ગત બીજા રાઉન્ડમાં પ્રવેશ આપવાની કામગીરી આગામી તારીખ ૧૯/૦૭/૨૦૨૬ના બપોરે ૦૩:૦૦ કલાકથી શરૂ થઈને તારીખ ૨૨/૦૭/૨૦૨૬ સુધી ચાલશે.

આ પ્રવેશ સત્ર હેઠળ ધોરણ-૧૦ પાસ ઉમેદવારો માટે હેલ્થ સેનીટરી ઈન્સ્પેક્ટર, ઈલેક્ટ્રીશિયન, મિકેનીક ડીઝલ અને કોપા (કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ) જેવા રોજગારલક્ષી કોર્સ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ પાસ કરી શક્યા નથી અથવા ધોરણ-૮ પાસ છે, તેમના માટે પણ ટેકનિકલ ક્ષેત્રે આગળ વધવા માટે વાયરમેન તથા વેલ્ડર જેવા ઉત્તમ કોર્સમાં પ્રવેશ મેળવવાની આ સુવર્ણ તક છે.

આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા અને એડમિશન મેળવવા ઈચ્છતા તમામ રસ ધરાવતા ઉમેદવારો નિયત સમય મર્યાદામાં ઓનલાઈન પોર્ટલ itiadmission.gujarat.gov.in પર જઈને પોતાનું ફોર્મ ભરી શકશે. ઓનલાઈન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી જણાય અથવા વધુ માહિતી મેળવવી હોય તો ઉમેદવારો 'સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સૂર્યમુખી હનુમાન મંદિર પાસે, કોટડાસાંગાણી ખાતે કચેરી સમય દરમિયાન મુલાકાત લઈ શકે છે. ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માંગતા વિદ્યાર્થીઓને આ સમયગાળા દરમિયાન વહેલી તકે ફોર્મ ભરીને આ તકનો મહત્તમ લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતની નવી ઉડાન

ભારતે તાજેતરમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે અબજો ડોલરના નવા પ્રોત્સાહન પેકેજને મંજૂરી આપી છે. આ નિર્ણય માત્ર એક ઔદ્યોગિક યોજના નથી, પરંતુ ભારતને આગામી દાયકામાં વૈશ્વિક ટેક્નોલોજી શક્તિ તરીકે સ્થાપિત કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. વિશ્વ આજે ડિજિટલ અર્થતંત્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે સેમિકન્ડક્ટર એટલે કે ચિપ ઉત્પાદન દરેક ક્ષેત્રનું હૃદય બની ગયું છે. મોબાઇલ ફોન, કમ્પ્યુટર, કાર, મેડિકલ સાધનો, કૃત્રિમ બુદ્ધિમત્તા, રક્ષણ ક્ષેત્ર અને અવકાશ સંશોધન જેવા લગભગ દરેક આધુનિક સાધનોનું અસ્તિત્વ સેમિકન્ડક્ટર પર નિર્ભર છે. ભારતે આ હકીકતને સમયસર ઓળખી છે અને આત્મનિર્ભરતાની દિશામાં વધુ એક મજબૂત પગલું ભર્યું છે. લાંબા સમય સુધી વિશ્વના મોટા ભાગના દેશો સેમિકન્ડક્ટર માટે મર્યાદિત દેશો પર નિર્ભર રહ્યા હતા. કોરોના મહામારી દરમિયાન સપ્લાય ચેઇન ખોરવાતાં સમગ્ર વિશ્વને સમજાયું કે ચિપની અછત માત્ર ઉદ્યોગને નહીં પરંતુ સમગ્ર અર્થવ્યવસ્થાને અસર કરી શકે છે. વાહન ઉદ્યોગથી લઈને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન સુધી અનેક ક્ષેત્રોમાં ઉત્પાદન ઘટી ગયું હતું. તે પછીથી દરેક દેશે પોતાના દેશમાં ચિપ ઉત્પાદન વધારવાની વ્યૂહરચના અપનાવી છે. ભારત પણ હવે એ જ દિશામાં આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે.કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલું નવું પ્રોત્સાહન પેકેજ દર્શાવે છે કે ભારત માત્ર ચિપની આયાત કરનાર દેશ બની રહેવા માંગતું નથી, પરંતુ વિશ્વ માટે વિશ્વસનીય ઉત્પાદન કેન્દ્ર બનવાનો સંકલ્પ ધરાવે છે. દેશમાં આધુનિક સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમો, ડિઝાઇન સેન્ટરો, પરીક્ષણ સુવિધાઓ અને સંશોધન માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાની દિશામાં સતત પ્રયાસ થઈ રહ્યા છે. આ પ્રયાસોનું પરિણામ આગામી વર્ષોમાં દેશની આર્થિક પ્રગતિમાં સ્પષ્ટપણે જોવા મળશે.

ગુજરાત માટે આ સમાચાર વિશેષ મહત્વ ધરાવે છે. ધોલેરા, સાણંદ અને અન્ય વિસ્તારોમાં વિકસતી ઔદ્યોગિક સુવિધાઓ ભારતના સેમિકન્ડક્ટર નકશામાં મહત્વનું સ્થાન મેળવી રહી છે. વિશ્વસ્તરની સુવિધાઓ, ઉત્તમ માર્ગ વ્યવસ્થા, બંદરોની નજીકતા, પૂરતો વીજ પુરવઠો અને સરકારની સકારાત્મક નીતિઓને કારણે ગુજરાત રોકાણકારોની પ્રથમ પસંદગી બની રહ્યું છે. આ વિકાસ માત્ર રાજ્ય પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર દેશના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે.

સેમિકન્ડક્ટર ઉદ્યોગનો સૌથી મોટો લાભ રોજગારીના ક્ષેત્રમાં જોવા મળશે. અત્યંત કુશળ ઇજનેરો, ટેક્નિશિયન, સંશોધકો તેમજ અન્ય સહાયક ક્ષેત્રોમાં લાખો રોજગારીની નવી તકો ઊભી થશે. યુવાનોને વિદેશ જવાની જરૂરિયાત ઓછી થશે અને વિશ્વસ્તરની કંપનીઓ ભારતમાં જ સંશોધન તથા ઉત્પાદન માટે રોકાણ કરશે. પરિણામે "મેડ ઇન ઇન્ડિયા"ની સાથે "ડિઝાઇન્ડ ઇન ઇન્ડિયા"નું સ્વપ્ન પણ સાકાર થવા લાગશે.આ વિકાસનો સીધો લાભ શિક્ષણ ક્ષેત્રને પણ મળશે. ઇજનેરી કોલેજો, ટેકનિકલ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને નવી દિશા મળશે. વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજીનું શિક્ષણ દેશની અંદર જ પ્રાપ્ત થશે. ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે. સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન મળવાથી ભારત વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રમાં પોતાની અલગ ઓળખ ઊભી કરી શકશે.ભારત આજે માત્ર ઉત્પાદન કેન્દ્ર બનવા માંગતું નથી, પરંતુ નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનવાનો પ્રયાસ કરી રહ્યું છે. કૃત્રિમ બુદ્ધિમત્તા, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, પર અને દૂર સંચાર, ડ્રોન ટેક્નોલોજી, રોબોટિક્સ અને અવકાશ વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં સેમિકન્ડક્ટરનું મહત્વ સતત વધી રહ્યું છે.

## મૌનના મહાત્મ્ય સાથે પ્રકૃતિનો પરિસંવાદ



**ફ્રાઈડે ફોટો સ્ટોરી**

-જયદીપ એન. ઠાકર

ભાવનગર રૂપાણી સર્કલમાં સ્થિત હરિયાળીની શીતળ છાયામાં બિરાજમાન મહાત્મા ગાંધીની પ્રતિમા માત્ર એક શિલ્પ નથી, પરંતુ સત્ય, અહિંસા અને માનવતાના શાશ્વત મૂલ્યોનું નિઃશબ્દ પ્રતીક છે. ગાંધીજીના મૌન સંવાદને કારણે આ બગીચો માત્ર પ્રકૃતિનું સૌંદર્ય ન રહેતા તે વિચારોનું ઉપવન બની રહે છે. અહીં પવનની દરેક લહેર આત્મચિંતનનું આમંત્રણ આપે છે, પર્ણોની સરસરાહટ પ્રકૃતિનું સંગીત સંભળાવે છે અને હરિયાળીનો દરેક રંગ મનને શાંતિની નૂતન અનુભૂતિ કરાવે છે.

# આવો, તમારી વેદના, પીડા, આઘાતને અશ્રુધારામાં વહાવો

**વિશેષ**

આજના આધુનિક યુગના માનવી પાસે ભરપૂર સુવિધા હોવા છતાં તેના અંતરમનમાં આનંદ,ઉત્સાહના ફુવારા નથી ઉડતા : તે કોઇ અદ્રશ્ય કારણોસર એકલવાયાપણું અનુભવી રહ્યો છે : સ્નેહીજનનું અવસાન, ગર્લ ફ્રેન્ડ સાથેના બ્રેક અપ, સંબંધોમાં કડવાશ, નોકરીમાં જબરી સ્પર્ધા વગેરે પરિબળોથી આજની નવી પેઢી આઘાત, પીડા, વેદનાના વમળમાં ઘુમરાઇ રહી છે : આવાં યુવક-યુવતીઓ માટે ક્રાય ક્લબ આશ્વાસનરૂપ બની રહે છે.

સારંગી મહેતા શાસ્ત્રીય સંગીતના અચ્છાં ગાયિકા છે. સંગીત ગુરુ અને પિતા યમન કુમાર મહેતા( સારંગી અને યમન કુમાર બંને નામ ઉદાહરણરૂપ છે) ના અચાનક સ્વર્ગવાસ બાદ સારંગીનુ જીવન વેરણછેરણ થઇ ગયું હતું. જાણે કે શૂન્યમનસ્ક થઇ ગઇ હતી. સારંગીનાં વાચા, ભૂખ, તરસ, ઉંઘ અદ્રશ્ય થઇ ગયાં હતાં. દીકરી સારંગીને તેના પિતા યમન કુમારે જ શાસ્ત્રીય સંગીતની ગહન તાલીમ આપી હોવાથી પિતા -પુત્રી વચ્ચે પ્રેમનો સાગર છલકતો હતો. પિતાના અવસાનના ઘેરા આઘાતમાંથી સારંગીને બહાર લાવવા તેની માતા અને ભાઇએ તમામ પ્રયાસ કર્યા હતા.

સારંગીના પિતાના અવસાનના સમાચાર તેની કોલેજની ખાસ મિત્ર સુનંદાને મળ્યા. સુનંદા પળવારનો પણ વિલંબ કર્યા વગર સીધી સારંગીના ઘરે આવી. સુનંદાને જોઇને જ સારંગી દોડીને તેને ભેટી ગઇ. બસ, અત્યારસુધી નિઃશબ્દ થઇ ગયેલી સારંગીના રૂદનનો મહાસાગર જાણે કે છલકાઇ ગયો. તે ચોધાર આંસુએ રડી. બાળકની જેમ. સુનંદા સારંગીની પીઠ અને માથું પંપાળતી રહી. પોતાની બહેનપણીને રડવા દીધી. છેવટે સારંગી શાંત થઇ ગઇ. સુનંદાએ તેને પાણી પીવડાવ્યું. બંને બહેનપણીઓએ એકબીજાં સામે જોયું અને બંનેની ભીની ભીની સંવેદનાની જાણે કે આપ -લે થઇ ગઇ. સારંગીની જાણે કે નવી વાચા ફૂટી હોય તેમ તેણે સુનંદાને કહ્યું, તારે અહીં મારા ઘરે મારી સાથે રહેવાનું છે. સુનંદાએ જવાબમાં ફક્ત તેની બંને આંખોથી હા કહ્યું.

સારંગીનું ઉદાહરણ એમ કહે છે કે માનવી દુઃખ, પીડા, આઘાત, સ્નેહીજનોનું મૃત્યુ, મિત્ર કે પોતાના પ્રિય પાત્ર દ્વારા વિશ્વાસઘાત કે દુર્વ્યવહાર વગેરે જેવી ઘટનાઓમાં બેહદ લાગણીવશ થઇ જાય છે. પોતાના હૃદયમાં ઢબૂરી રાખેલી ભીની ભીની લાગણીને વહાવવાથી માનવી હળવોફૂલ થઇ જાય છે. શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ થાય છે.

આપણા ભારતીય સમાજમાં તો ઘરના દીકરાએ એટલે કે પુરુષે જાહેરમાં રડાય નહીં. પુરુષે તેની સંવેદના પર કાબૂ રાખવો જોઇએ. પિતા, ભાઇ, પુત્ર વગેરે પુરુષ એટલે કે મર્દ કહેવાય અને મર્દ કો કભી દર્દ નહીં હોતા એવી વણલખી સામાજિક પરંપરા સદીઓથી રૂઢ બની ગઇ છે.

બીજીબાજુ આજના સાયન્સ અને ટેકનોલોજીના નવા યુગમાં તો ભારતનાં મુંબઇ, દિલ્હી, બેંગલુરુ, હૈદરાબાદ, સુરત વગેરે શહેરમાં ક્રાય ક્લબ શરૂ થઇ હોવાનાઅખબારી અહેવાલ છે. ક્રાય ક્લબ એટલે કે એવું સ્થળ કે જ્યાં ૨૦ - ૨૫ વર્ષનાં યુવક -યુવતીથી લઇને મોટેરાં સુધીનાં સહુ જાહેરમાં પોતાનું દુઃખ રડે.પોતાના જીવનમાં બનેલી પીડાદાયક ઘટનાનું વર્ણન કરે. કોઇ રેસ્ટોરાંમાં જઇને જુદી જુદી સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણીએ તે જ રીતે ક્રાય ક્લબમાં જઇને રૂદન કરવાનું. ક્રાય ક્લબનાં અન્ય સભ્યો તમને આશ્વાસન આપે. પાણી કે પછી કોઇક ફ્રૂટ જ્યુસ આપે વગેરે વગેરે.

હા, ગુજરાતના સુરતમાં પણ આવી સંસ્થા છે, જ્યાં યુવક -યુવતીઓ કોઇ એક રવિવારે ભેગાં થાય છે. ક્રાય ક્લબમાં આછેરી લાઇટ હોય છે. ધીમું -- હળવું સંગીત વહેતું હોય છે. ચા, કોફી, નાસ્તો, ટીસ્યુ પેપર્સ વગેરેની સુવિધા પણ હોય છે. હા, ક્રાય ક્લબના એક ખૂણે ગોઠવેલા બોર્ડમાં લખેલું હોય છે, યુ આર સેફ હિયર( તમે અહીં સહીસલામત છો).

આજના સાયન્સ અને ટેકનોલોજીના આધુનિક યુગના માનવી પાસે નામ એટલી સુવિધા છે. ધન- સંપત્તિ,વાડી-વજીફા, નોકર -ચાકર છે. આમ છતાં તેના અંતરમનમાં કે હૃદયમાં નથી આનંદ કે શાંતિ. ખાસ કરીને ખાનગી કંપનીઓમાં મોટા હોદ્દા પર ફરજ બજાવતાં યુવક - યુવતીઓમાં જબરી સ્પર્ધા હોય છે. તેઓ બહુ થોડા સમયમાં ઝાઝી બધી સફળતા ઇચ્છે છે.

આવા વાતાવરણમાં નવી પેઢીનાં યુવક-યુવતીઓમાં નવી ઓળખાણ થાય. થોડા દિવસમાં તો એકબીજાંથી ઘણાં નજીક આવી જાય. એકબીજાં પ્રત્યે ખોબલા ભરીને ઇચ્છા, આશા, અપેક્ષાં વધી જાય. એકબીજાં પ્રત્યે પ્રેમ, આદર, સન્માન, સહકાર, સલામતીને બદલે માલિકીભાવ વધતો જાય. ખાસ કરીને છોકરાના મનમાં જાતજાતની અને ભાતભાતની રંગબેરંગી ઇચ્છાનો જાણે કે દરિયો ઘુઘવવા માંડે. ઇચ્છા અને અપેક્ષા પૂરી ન થાય એટલે એકબીજાં વચ્ચે વાદ-વિવાદ, ફરિયાદ, આક્ષેપોનું આક્રમણ થાય. મોબાઇલ ફોન પર મેસેજીસના હુમલા થાય.છેવટે બંને વચ્ચે અબોલા થઇ જાય, જેને નવા જમાનાની ભાષામાં બ્રેક -અપ કહેવાય છે.

કંઇક આવા જ બ્રેક અપ અને છૂટાછેડા પતિ પત્ની વચ્ચે પણ થતા હોવાના કિસ્સા નોંધાય છે.

# ભારત સહિત સમગ્ર વિશ્વમાં જળસંકટનો ખતરો

## વિશ્વના ટોપ ટેન સંકટોમાં સૌથી મહત્વના સંકટોમાં પાણી પ્રથમ સ્થાને આવે છે બીજા સ્થાને એનર્જી આવે છે ભવિષ્યમાં પાણી અને એનર્જી વિશ્વ સામે મોટા પડકાર આવી રહ્યા છે

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

એક સમય હતો જ્યારે વિશ્વની મહાસત્તાઓ તેલના ભંડારો, ખનિજ સંપત્તિ અને વેપાર માર્ગો માટે સ્પર્ધા કરતી હતી. આજે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. એકવીસમી સદીમાં સૌથી કિંમતી કુદરતી સંપત્તિ તરીકે પાણીનું મહત્વ સતત વધી રહ્યું છે. વિશ્વના અનેક દેશોમાં નદીઓ સુકાઈ રહી છે, ભૂગર્ભ જળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે અને આબોહવા પરિવર્તન વરસાદની પ્રણાલીને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. પરિણામે પાણીનો પ્રશ્ન હવે માત્ર પર્યાવરણનો વિષય રહ્યો નથી; તે માનવ આરોગ્ય, ખાદ્ય સુરક્ષા, અર્થતંત્ર, ઉદ્યોગ, ઊર્જા, સ્થળાંતર અને વૈશ્વિક શાંતિ સાથે સીધો જોડાયેલો આંતરરાષ્ટ્રીય પડકાર બની ગયો છે. સંયુક્ત રાષ્ટ્ર સહિતની વૈશ્વિક સંસ્થાઓ વારંવાર ચેતવણી આપી રહી છે કે જો પાણીના સંરક્ષણ અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં નહીં આવે તો આવનારા દાયકાઓમાં વિશ્વને પાણી માટેના ગંભીર સંઘર્ષોનો સામનો કરવો પડી શકે છે. તેથી આજે જળસંકટ માત્ર ભવિષ્યની ચિંતા નથી, પરંતુ વર્તમાનની સૌથી મોટી વાસ્તવિકતા છે.

વિશ્વમાં ઉપલબ્ધ પાણીમાંથી લગભગ ૯૭ ટકા પાણી દરિયામાં છે, જ્યારે માનવ ઉપયોગ માટે યોગ્ય મીઠું પાણી ખૂબ જ મર્યાદિત છે. તેમાંથી પણ મોટો હિસ્સો હિમનદીઓ અને બરફમાં બંધાયેલો છે. વધતી વસ્તી, ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને કૃષિમાં પાણીના વધતા ઉપયોગને કારણે ઉપલબ્ધ મીઠા પાણી પર ભારે દબાણ સર્જાયું છે. બીજી તરફ વરસાદના અનિશ્ચિત ચક્રને કારણે કેટલાક પ્રદેશોમાં વિનાશક પૂર આવે છે તો કેટલાક વિસ્તારો લાંબા દુષ્કાળનો સામનો કરે છે. આ વિરોધાભાસી પરિસ્થિતિ દર્શાવે છે કે માત્ર વરસાદ પૂરતો નથી, પરંતુ પાણીના આયોજનબદ્ધ સંચાલનની વધુ જરૂર છે.

તાજેતરના વર્ષોમાં યુરોપના અનેક દેશોમાં નદીઓનું જળસ્તર ઐતિહાસિક રીતે ઘટ્યું છે. અમેરિકાના પશ્ચિમ ભાગમાં લાંબા સમયથી દુષ્કાળની અસર જોવા મળી રહી છે. આફ્રિકાના અનેક દેશોમાં લાખો લોકો પીવાના પાણી માટે દરરોજ કિલોમીટરો સુધી મુસાફરી કરવા મજબૂર છે. એશિયાના ઘણા પ્રદેશોમાં ભૂગર્ભજળના અતિશય ઉપયોગને કારણે જળસ્તર ઝડપથી નીચે જઈ રહ્યું છે. આ તમામ ઘટનાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે જળસંકટ હવે કોઈ એક દેશની સમસ્યા નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટેનો સંયુક્ત પડકાર છે.

આબોહવા પરિવર્તન આ સંકટને વધુ ગંભીર બનાવી રહ્યું છે. હિમાલય, આલ્પ્સ અને અન્ય પર્વતીય વિસ્તારોના હિમનદીઓ ઝડપથી પીગળી રહ્યા છે. શરૂઆતમાં આ પ્રક્રિયાથી નદીઓમાં પાણીનું પ્રમાણ વધતું હોય છે, પરંતુ લાંબા ગાળે હિમનદીઓના ઘટતા જથ્થાને કારણે નદીઓના પ્રવાહમાં ઘટાડો થવાની શક્યતા વધી રહી છે. વરસાદની અનિયમિતતા પણ ખેડૂતો માટે સૌથી મોટો પડકાર બની છે. જ્યારે જરૂર હોય ત્યારે વરસાદ નથી પડતો અને જ્યારે પડે છે ત્યારે અતિવૃષ્ટિ સર્જાય છે. પરિણામે પાણીનો મોટો જથ્થો સીધો સમુદ્રમાં વહી જાય છે.

કૃષિ ક્ષેત્રમાં જળસંકટની અસર સૌથી ગંભીર છે. વિશ્વના કુલ મીઠા પાણીનો મોટો હિસ્સો ખેતીમાં વપરાય છે. પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓમાં પાણીનો મોટો બગાડ થાય છે. તેથી ટપક સિંચાઈ, સ્પ્રિંકલર સિસ્ટમ, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણી બચાવતી પાક પદ્ધતિઓનો વ્યાપ વધારવો સમયની માંગ છે. ઓછા પાણીમાં વધુ ઉત્પાદન આપતા પાકોનું સંશોધન અને આધુનિક કૃષિ ટેક્નોલોજી ખાદ્ય સુરક્ષા જાળવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

શહેરી વિસ્તારોમાં સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે. કોંક્રીટના જંગલોમાં વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. પરિણામે ભૂગર્ભજળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. શહેરોમાં લીકેજવાળી પાણીની લાઇનો, બિનજરૂરી વપરાશ અને જળાશયોના અતિક્રમણથી સમસ્યા વધુ વિકટ બની છે. દરેક નવી ઈમારતમાં વરસાદી પાણીના સંગ્રહને ફરજિયાત બનાવવું, ગંદાપાણીનું શુદ્ધિકરણ કરીને તેનો પુનઃઉપયોગ કરવો અને જૂના તળાવો તથા સરોવરોનું પુનર્જીવન કરવું હવે અનિવાર્ય બની ગયું છે.ઉદ્યોગોમાં પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે પણ મોટા પરિવર્તનની જરૂર છે. વિશ્વના અનેક દેશોએ ગંદાપાણીના પુનઃઉપયોગ અને 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ' જેવી આધુનિક પદ્ધતિઓ અપનાવી છે. ઉત્પાદન પ્રક્રિયામાં પાણીનો વપરાશ ઘટાડવો અને શુદ્ધ કરેલા પાણીનો ફરી ઉપયોગ કરવો માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ ઉદ્યોગોની લાંબા ગાળાની સ્થિરતા માટે પણ જરૂરી છે.ભારત માટે જળસંકટ અત્યંત મહત્ત્વનો વિષય છે. દેશના ઘણા વિસ્તારોમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી સર્જાય છે, જ્યારે ચોમાસામાં પૂરથી ભારે નુકસાન થાય છે. ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં ચેકડેમ, તળાવોનું પુનર્જીવન, સુજલામ-સુફલામ જેવી યોજનાઓ, વરસાદી પાણીનો સંગ્રહ અને માઇક્રો સિંચાઈ દ્વારા સકારાત્મક પરિણામો મળ્યા છે. આ અનુભવને વધુ આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને સમગ્ર દેશમાં વિસ્તૃત કરવાની જરૂર છે.ટેક્નોલોજી જળસંકટના ઉકેલમાં હત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા પાણીની માંગનું પૂર્વાનુમાન, ઉપગ્રહોથી જળાશયોનું નિરીક્ષણ, સ્માર્ટ મીટરિંગ, ગંદાપાણીનું અદ્યતન શુદ્ધિકરણ અને દરિયાના પાણીનું મીઠું દૂર કરીને ઉપયોગી બનાવતી ડીસેલિનેશન ટેક્નોલોજી ભવિષ્યમાં વધુ અસરકારક બની શકે છે. પરંતુ ટેક્નોલોજી સાથે લોકોની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે.દરેક નાગરિકે પાણીના દરેક ટીપાની કિંમત સમજવી પડશે. ઘરમાં લીકેજ તરત બંધ કરવું, જરૂરી હોય તેટલું જ પાણી વાપરવું, વરસાદી પાણીનો સંગ્રહ કરવો, વૃક્ષારોપણ કરવું અને જળસ્ત્રોતોને પ્રદૂષિત ન થવા દેવું જેવી નાની લાગતી બાબતો પણ મોટા પરિવર્તનનું કારણ બની શકે છે. શાળાઓ અને કોલેજોમાં પાણી બચાવવાના વ્યવહારુ અભિયાન ચલાવવામાં આવે તો નવી પેઢી વધુ જવાબદારીપૂર્વક આ અમૂલ્ય સંપત્તિનું સંરક્ષણ કરી શકશે.આવનારો સમય પાણીનું મહત્ત્વ વધુ વધારવાનો છે. જે દેશો આજે જળસંચય, જળવ્યવસ્થાપન અને જળસંરક્ષણમાં રોકાણ કરશે, તેઓ જ આવતીકાલે આર્થિક અને સામાજિક રીતે વધુ મજબૂત બનશે. પાણીનો પ્રશ્ન કોઈ એક સરકાર કે સંસ્થાનો નથી; તે સમગ્ર માનવજાતની સંયુક્ત જવાબદારી




છે. જો આપણે આજે જ કુદરત સાથે સંતુલન જાળવીને પાણીના દરેક સ્ત્રોતનું સંરક્ષણ કરીશું, તો આવનારી પેઢીઓને સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય આપી શકીશું. પાણીનો દરેક ટીપો જીવન છે, અને તેનું સંરક્ષણ જ માનવ સંસ્કૃતિના ઉજ્જવળ ભવિષ્યની સૌથી મોટી ગેરંટી છે.

# ઈંગ્લેન્ડ સામેની બીજી વન-ડેમાં ભારતનો ચાર વિકેટે પરાજય

## જો રૂટની ધીરજે અપાવી ઈંગ્લેન્ડને જીત : ૯૯ રને અણનમ રહીને છેલ્લે સુધી ક્રીઝ ઉપર ટકી રહ્યો : રવિવારે લોર્ડ્સ ખાતે અંતિમ મેચ

નવીદિલ્હી,

અનુભવી બેટ્સમેન જો રૂટની અણનમ ૯૯ રનની શાનદાર ઈનિંગના દમ પર ઈંગ્લેન્ડે બીજી વન-ડે મેચમાં ભારતને ૪ વિકેટે હરાવ્યું છે. સોફિયા ગાર્ડન્સ ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં જો રૂટ ભારતીય બોલરો સામે એક મજબૂત દીવાલ બનીને ઊભો રહ્યો હતો અને અંત સુધી ક્રિઝ પર ટકી રહ્યો હતો. આ વિજય સાથે જ ઈંગ્લેન્ડે ત્રણ મેચોની વન-ડે સિરીઝમાં ૧-૧ ની બરાબરી કરી લીધી છે. હવે સિરીઝની ટ્રોફી કોણ જીતશે તેનો નિર્ણાયક ફેંસલો રવિવારે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાનારી અંતિમ વન-ડેમાં થશે.

આ મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી નહોતી. મિડલ ઓર્ડરમાં શ્રેયસ અય્યર (૬૬ રન) અને વિરાટ કોહલી (૬૫ રન) એ શાનદાર અડધી સદીઓ ફટકારીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ બંને સિવાય અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહોતો અને પૂરી ભારતીય ટીમ ૪૪ ઓવરમાં માત્ર ૨૩૩ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. અંતિમ ઓવરોમાં જસપ્રીત બુમરાહે કેટલાક આકર્ષક શોટ્સ રમીને અણનમ ૨૦ રનનું યોગદાન આપ્યું હતું. ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને ગસ એટકિન્સને ધારદાર બોલિંગ પ્રદર્શન કરીને ૩-૩ વિકેટ ઝડપી હતી.



૨૩૪ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમની શરૂઆત પણ ઘણી નબળી રહી હતી અને તેમણે માત્ર ૫૩ રનમાં જ પોતાની ૩ મુખ્ય વિકેટો ગુમાવી દીધી હતી. આવા કપરા સમયે જો રૂટે એક છેડો સાચવી રાખ્યો અને અત્યંત ધૈર્યપૂર્વક બેટિંગ કરીને ટીમને જીતના ઉંબરે પહોંચાડી હતી. રૂટને મિડલ ઓર્ડરમાં વિલ જેક્સ (૩૦), સેમ કરન (૨૬) અને અંતમાં ગસ એટકિન્સન (અણનમ ૨૩) નો સારો સાથ મળ્યો હતો.

જો રૂટ પોતાની વન-ડે કરિયરની ૨૧મી સદીથી માત્ર એક જ રન દૂર રહી ગયો હતો અને ૯૯ રને અણનમ પરત ફર્યો હતો. જોકે, તેણે પોતાના વ્યક્તિગત રેકોર્ડ કરતાં ટીમની જીતને વધુ મહત્વ આપ્યું હતું. આ મેચમાં ઈંગ્લેન્ડે ૩૫ બોલ બાકી રાખીને જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. નોંધનીય છે કે, જો રૂટનો વન-ડે કરિયરમાં આ સતત પાંચમો ૫૦+ સ્કોર છે અને તેની ઓવરઓલ કરિયરનો ૬૭મો પચાસથી વધુનો સ્કોર છે. હવે રવિવારે રમાનારી લોર્ડ્સ વન-ડે પર તમામ ક્રિકેટ પ્રેમીઓની નજર રહેશે.

# કિરોન પોલાર્ડે ૧,૦૦૦ છગ્ગા ફટકાર્યા, હવે ક્રિસ ગેલનો વર્લ્ડ રેકોર્ડ જોખમમાં

નવીદિલ્હી,

કિરોન પોલાર્ડે ટી ૨૦ ક્રિકેટમાં એક એવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે જેની કલ્પના કરવી મુશ્કેલ છે. પોલાર્ડ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતો નથી, પરંતુ જ્યારે પણ તેને તક મળે છે, ત્યારે તે કોઈને કોઈ લીગમાં ટી ૨૦ ક્રિકેટ રમવાનું શરૂ કરે છે. હાલમાં, એમએલસી (મેજર લીગ ક્રિકેટ) ચાલી રહી છે, અને તેણે તેમાં મોટો ધમાલ મચાવી છે. તેણે ૧૦૦૦ છગ્ગા ફટકાર્યા છે, અને હવે ક્રિસ ગેઈલનો વર્લ્ડ રેકોર્ડ જોખમમાં છે.

મેજર લીગ ક્રિકેટ રમાઈ રહી છે. વોશિંગ્ટન ફ્રીડમ અને એમઆઈ ન્યૂ યોર્ક વચ્ચેના એલિમિનેટર મેચમાં કીરોન પોલાર્ડે ભારે તબાહી મચાવી હતી. જોકે નિકોલસ પૂરને પણ માત્ર ૩૩ બોલમાં ૧૦૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી, પરંતુ પોલાર્ડની ઈનિંગ વધુ મહત્વપૂર્ણ સાબિત થઈ. પોલાર્ડે માત્ર ૨૫ બોલનો સામનો કર્યો અને ૬૪ રન ફટકાર્યા. તેણે પોતાની ઈનિંગમાં ફક્ત એક ચોગ્ગો અને આઠ છગ્ગા ફટકાર્યા.



આ આઠ છગ્ગા સાથે, પોલાર્ડ હવે ટી૨૦ ક્રિકેટમાં ૧,૦૦૦ છગ્ગા ફટકારી ચૂક્યો છે. આ સીમાચિહ્ન સુધી પહોંચનાર તે વિશ્વનો માત્ર બીજો બેટ્સમેન છે. ક્રિસ ગેલે ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ ૧૦૫૬ છગ્ગા ફટકાર્યા છે. ગેલે ૨૦૦૫ થી ૨૦૨૨ સુધી ટી૨૦ ક્રિકેટ રમી હતી. પોલાર્ડે પણ એક વર્ષ પછી, ૨૦૦૬ માં ટી૨૦ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને ત્યારથી રમી રહ્યો છે.

# બેન સ્ટોક્સ આંતરરાષ્ટ્રીય નિવૃત્તિ પછી હવે ઘરેલુ વન-ડે કપમાં ડરહામ માટે રમશે

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડનો સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ આંતરરાષ્ટ્રીય નિવૃત્તિ પછી પહેલી વાર સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરશે. સ્ટોક્સ ૨૧ જુલાઈના રોજ ઈંગ્લેન્ડના ઘરેલુ વન-ડે કપમાં ડરહામ માટે રમશે. જોકે, તેણે આ વર્ષના ધ હંડ્રેડમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે અને હાલ પૂરતું પોતાનું સંપૂર્ણ ધ્યાન ઘરેલુ ક્રિકેટ પર કેન્દ્રિત કરવાની યોજના ધરાવે છે.સ્ટોક્સની મેચ ડર્બીશાયર સામે હશે. ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપ પછી આ તેમનો પ્રથમ વખત ૫૦ ઓવરના ફોર્મેટમાં રમવાનો પ્રસંગ હશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, તેઓ હવે સ્થાનિક સ્તરે નિયમિત ક્રિકેટ રમવા માંગે છે.



તેમણે એવો પણ સંકેત આપ્યો છે કે ભવિષ્યમાં તેઓ વિદેશી ટી ૨૦ લીગમાં રમવાની તકો માટે ઉપલબ્ધ રહેશે.તેમના બાળપણના ક્લબ, ડરહામમાં ફરી જોડાવા અંગે, સ્ટોક્સે કહ્યું કે આ નિર્ણયથી તેમને ક્રિકેટ માટે નવો ઉત્સાહ મળ્યો છે. જો કે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે તેમને હવે ફરીથી ઈંગ્લેન્ડ માટે રમવાની ઈચ્છા નથી. તેમણે કહ્યું કે જ્યારે તેઓ બીજી ટેસ્ટ ચૂકી ગયા અને ડરહામ પરત ફર્યા, ત્યારે તેમને ક્રિકેટ માટે નવો ઉત્સાહ મળ્યો, પરંતુ કમનસીબે, તેઓ ઈંગ્લેન્ડ માટે રમવાની તે લાગણી ફરીથી મેળવી શક્યા નહીં. તેઓ તેમના કારકિર્દીના આગામી પ્રકરણ માટે ખૂબ જ ઉત્સાહિત છે. તેમના બાળપણના ક્લબ, ડરહામ માટે ફરીથી રમવું તેમના માટે ખાસ છે. જ્યારે આ અઠવાડિયે કેટલીક મુશ્કેલ ક્ષણો આવી છે, ત્યારે તેમના માટે તે વધુ સ્પષ્ટ થયું છે કે તેમણે યોગ્ય નિર્ણય લીધો હતો.નોંધનીય છે કે આ સિઝનમાં સ્ટોક્સ ડરહામ જર્સીમાં જોવા મળશે તે પહેલી વાર નથી. ન્યૂઝીલેન્ડ સામેની પહેલી ટેસ્ટ પછી થયેલા કુખ્યાત નાઈટક્લબ વિવાદ દરમિયાન તે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં નોર્થમ્પ્ટનશાયર સામે પણ રમ્યો હતો.

# વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન ત્રણ વખત એકબીજા સામે આવવાની શક્યતા વધી ગઈ

નવીદિલ્હી,

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ મેન્સ વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે નવા ફોર્મેટની જાહેરાત કરી છે. આનાથી કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધારાની મેચની શક્યતા વધી ગઈ છે. જ્યારે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા આયોજિત ટુર્નામેન્ટમાં હજુ પણ ૧૪ ટીમો ભાગ લેશે, ત્રણ નીચલા ક્રમાંકિત ક્વોલિફાયર હવે પ્રારંભિક રાઉન્ડમાં ભાગ લેશે. આમાંથી ફક્ત એક ટીમ મુખ્ય ગ્રુપ સ્ટેજમાં આગળ વધશે, જેમાં ૧૨ ટીમો હશે. 'સુપર સિક્સ'ને બદલે હવે 'સુપર સેવન' રાઉન્ડ રમાશે, જ્યાં સાત ટીમો રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં સ્પર્ધા કરશે.




આ નવા ફોર્મેટમાં સૌથી મહત્વપૂર્ણ ફેરફાર ક્વાર્ટર-ફાઈનલમાંથી બહાર નીકળવાનો છે. જો કે, રાઉન્ડ-રોબિન સ્ટેજમાં વધારાની ટીમનો સમાવેશ ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કરની શક્યતાઓને નોંધપાત્ર રીતે વધારે છે.આઈસીસી જણાવ્યું છે કે આ નવું ફોર્મેટ સમગ્ર ઈવેન્ટ દરમિયાન વધુ રોમાંચક અને સ્પર્ધાત્મક બનશે.

નવા નિયમો હેઠળ, ભારત અને પાકિસ્તાન એકબીજા સામે ત્રણ વખત ટકરાઈ શકે છે. પ્રથમ મુકાબલો પ્રારંભિક ગ્રુપ સ્ટેજ દરમિયાન થઈ શકે છે. ત્યારબાદ બંને ટીમો 'સુપર સેવન' સ્ટેજમાં ફરી સામસામે આવી શકે છે, જ્યાં દરેક ટીમ અન્ય છ ટીમો સામે રમે છે. ત્રીજી ટક્કર સેમિફાઈનલ અથવા ફાઈનલમાં થઈ શકે છે. ક્રિકેટના ક્રેઝને જોતાં આ મેચ બ્રોડકાસ્ટર્સ અને આઈસીસી માટે સૌથી મોટી આવક ઉત્પન્ન કરનાર છે.રાજકીય તણાવને કારણે ભારત અને પાકિસ્તાન હવે આઈસીસી ઈવેન્ટ્સની બહાર એકબીજા સામે રમતા નથી. બંને દેશોની સરકારો તેમને દ્વિપક્ષીય શ્રેણી રમવાની મંજીરી આપતી નથી.

# અનુપમ ખેરે સતીશ કૌશિકની પુત્રીને લગ્નમાં વિદાય આપવાની ઈચ્છા વ્યક્ત કરી



મુંબઈ,

અનુપમ ખેર અને સતીશ કૌશિક નજીકના મિત્રો હતા અને તેમના નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના દિવસોથી ડેટ કરી રહ્યા હતા. બંનેએ લગભગ એક જ સમયે ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો, અને તેમના સંઘર્ષના દિવસોમાં પણ તેમની મિત્રતા મજબૂત રહી હતી. તેથી, જ્યારે ૨૦૨૩ માં સતીશ કૌશિકનું અવસાન થયું, ત્યારે તે અનુપમ ખેર માટે આઘાતથી ઓછું નહોતું. તેમના નજીકના મિત્ર અનુપમ ખેરના અવસાન પછી, તેમણે તેમના પરિવારનું, ખાસ કરીને તેમની પુત્રી વંશિકાનું, જેને તેઓ પોતાની માને છે, ખૂબ કાળજી લીધી છે. આજે વંશિકાનો જન્મદિવસ છે. આ પ્રસંગે, અનુપમ ખેરે એક મીઠી પોસ્ટ શેર કરી, તેણીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને તેણીને લગ્નમાં આપવાની ઈચ્છા પણ વ્યક્ત કરી.વંશિકાના જન્મદિવસ પર, અનુપમ ખેરે સતીશ કૌશિક અને વંશિકા સાથેના અસંખ્ય ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા. આ ફોટા સાથે, અનુપમ ખેરે એક લાંબી પોસ્ટ પણ શેર કરી. તેમની પોસ્ટમાં, અનુપમ ખેરે લખ્યું, "જન્મદિવસની શુભકામનાઓ, મારી પ્રિય વંશિકા, મારી પ્રિય પુત્રી." ભગવાન તમને દુનિયાની બધી ખુશીઓ, લાંબુ, સ્વસ્થ અને સુંદર જીવન અને તમારા બધા સપના પૂરા કરવાની હિંમત આપે.

# ટી ૨૦ માં પ્રથમ વખત સૌથી વધુ ૨૬૬ રન અને એક મેચમાં ત્રણ સદીનો નવો વિક્રમ



નવીદિલ્હી,

યુનાઈટેડ સ્ટેટ્સમાં રમાતી ફ્રેન્ચાઈઝ આધારિત ટી ૨૦ લીગ, મેજર લીગ ક્રિકેટની ચોથી સીઝનની એલિમિનેટર મેચ ૧૬ જુલાઈની સવારે એમઆઇ ન્યૂ યોર્ક અને વોશિંગ્ટન ફ્રીડમ વચ્ચે રમાઈ હતી, અને આ મેચમાં કેટલાક નવા ટી ૨૦ ક્રિકેટ રેકોર્ડ બન્યા હતા. ટોસ હાર્યા બાદ, એમઆઇ ન્યૂ યોર્કે પ્રથમ બેટિંગ કરી અને ૨૦ ઓવરમાં ૨૬૬ રન બનાવ્યા. વોશિંગ્ટન ફ્રીડમે ૧૮.૪ ઓવરમાં લક્ષ્યનો પીછો કર્યો. આનાથી ટી ૨૦ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ લક્ષ્યનો પીછો કરવાનો રેકોર્ડ બન્યો. આ મેચમાં ત્રણ ખેલાડીઓએ સદી ફટકારી, જે ટી ૨૦ ક્રિકેટ ઈતિહાસમાં પહેલી વાર ત્રણ ખેલાડીઓએ સદી ફટકારી છે.

એલિમિનેટરમાં ટોસ હાર્યા બાદ, એમઆઇ ન્યૂ યોર્કે પ્રથમ બેટિંગ કરી અને કેપ્ટન નિકોલસ પૂરનની ૧૦૬ રનની સદી, કિરોન પોલાર્ડના ૬૪ રન અને નિકોલસ પૂરનના ૫૧ રનની મદદથી ૨૦ ઓવરમાં ૨૬૬ રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતા, વોશિંગ્ટન ફ્રીડમની શરૂઆત ખરાબ રહી, ૧૦ રનના સ્કોર પર બે વિકેટ ગુમાવી દીધી. ત્યાંથી, તેમના કેપ્ટન અને શાનદાર બેટ્સમેન સ્ટીવ સ્મિથ અને એન્ડ્રીસ ગૌસે મેચને સંપૂર્ણપણે એકતરફી બનાવી દીધી, અને માત્ર ૮૯ બોલમાં ત્રીજી વિકેટ માટે ૨૪૧ રનની ભાગીદારી કરી.

# ચિરંજીવીના ભત્રીજા વરુણની નવી હોરર-કોમેડી ફિલ્મ "કોરિયાં કનકરાજુ"ની રિલીઝ તારીખ જાહેર

મુંબઈ,

દક્ષિણના મેગાસ્ટાર ચિરંજીવીની જેમ, તેમના પુત્રો અને ભત્રીજાઓ પણ ફિલ્મ ઉદ્યોગમાં પોતાનું નામ બનાવી રહ્યા છે. તેમાંથી એક છે વરુણ તેજ કોનિડેલા, તેલુગુ સિનેમાના સૌથી પ્રખ્યાત અને પ્રતિભાશાળી કલાકારોમાંના એક. હવે, તે ફરી એકવાર મોટા પડદા પર પોતાની પ્રતિભા દર્શાવવા માટે તૈયાર છે. ચિરંજીવીના ભત્રીજા, વરુણ તેજ કોનિડેલાએ તેમની નવી હોરર-કોમેડી ફિલ્મ "કોરિયાં કનકરાજુ" ની રિલીઝ તારીખ જાહેર કરી છે, જે ઓગસ્ટમાં થિયેટરોમાં રિલીઝ થવાની છે. વરુણ તેજ છેલ્લે ૨૦૨૪ માં થિયેટરોમાં રિલીઝ થયેલી પીરિયડ એક્શન થ્રિલર "મટકા" માં જોવા મળ્યો હતો. હવે, તે આ હોરર-કોમેડી સાથે મોટા પડદા પર ધમાલ મચાવશે.વરુણ તેજ, જે ૧૦ વર્ષની ઉંમરે અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો, તે તેની અભિનય કુશળતા અને ઘણા ઉત્કૃષ્ટ પાત્રો ભજવવા માટે જાણીતો છે. વરુણ તેજ કોનિડેલા ઈન્ડો-કોરિયન હોરર-કોમેડી ફિલ્મ "કોરિયાં કનકરાજુ" માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. મેર્લાપાકા ગાંધી દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ હવે ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે. વરુણ તેજ કોનિડેલાએ સોશિયલ મીડિયા પર એક નવું પોસ્ટર શેર કરીને "કોરિયન કનકરાજુ" ની રિલીઝ તારીખની જાહેરાત કરી અને લખ્યું,



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | વિ | ચા | ર | ણા | સ | ર | વા | ળો | કા | મો | ભો |
| ર | લ | ળ | ધ | રી | ક્રો | શિ | સા | ક્ષ | ત | કા | વિ |
| ન | આ | ક્ષ | ક | ર | એ | ક્ષ | લ | ઈ | ર | ધ | જ્ઞા |
| કા | હિ | ર | વા | પ્ર | સ | ક | સ | ક | ધ | દ | ન |
| વ | ગી | કા | ણે | ક | બ | ળો | ક | ઐ | ર | રા | હા |
| ક | મા | બં | ધ | ઈ | પ્ર | કા | ઐ | પ્ર | દ | દ | બ |
| ક | ડી | ફ | ર | આ | અં | ફ | પ્ર | બા | ર | સા | ખ |
| ર | ણ | કા | ર | ઓ | વા | ભો | ર | વિ | ર | ક્ષ | સ |
| ળ | હા | ર | ર | શિ | કુ | બ | ખ | લી | સા | કા | કા |
| વિ | સા | ર | ક્ષ | ર | દ | લ | જી | ળ | ર | ર | રો |
| લી | સ | ણ | બં | અ | ફ | મ | વા | ક્ષ | સા | મો | વિ |
| ડો | ભો | મા | ધ | ધ | ભો | શ | ગ | ભ | ગ | ન | રા |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ભારતીય ફિલ્મોમાં સેન્સરશિપ મૂળભૂત રીતે દર્શકોનું અપમાન : રામ ગોપાલ વર્મા

મુંબઈ,

રામ ગોપાલ વર્મા ઘણીવાર તેમના નિવેદનો માટે સમાચારમાં રહે છે. તેમણે ઘણીવાર તેમની લાગણીઓ વિશે ખુલ્લેઆમ વાત કરી છે. તાજેતરમાં, રામ ગોપાલ વર્મા ફરહાન અખ્તરની "ડોન ૩" ને લગતા વિવાદમાં રણવીર સિંહને ટેકો આપતા જોવા મળ્યા હતા. હવે તેઓ પોતાની નવી પોસ્ટ માટે સમાચારમાં છે. આ વખતે, રામ ગોપાલ વર્માએ સેન્સર બોર્ડ પર સીધો હુમલો કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર એક લાંબી નોંધ શેર કરી, જેમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ સેન્સર બોર્ડ દ્વારા ફિલ્મોમાં કાપ મૂકવાના કડક વિરોધમાં છે અને બોર્ડ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ. રામ ગોપાલ વર્માએ પોતાની પોસ્ટમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે યુવાનો, જેમને તેમના દેશની સરકાર પસંદ કરવાનો અધિકાર છે, તેમને શું જોવું કે નહીં તે નક્કી કરવાનો અધિકાર કેમ નથી?

રામ ગોપાલ વર્માએ એક્સ પર શેર કરેલી તેમની પોસ્ટમાં લખ્યું, "ફિલ્મોનું સેન્સરશિપ મૂળભૂત રીતે દર્શકોનું અપમાન છે. સ્માર્ટફોન અને વૈશ્વિક સ્ટ્રીમિંગના આ યુગમાં, એવું વિચારવું મૂર્ખામીભર્યું અને જૂનું છે કે દર્શકોને કોઈપણ સત્ય સુધી પહોંચતા અટકાવી શકાય છે." ખરો દંભ એ છે કે પુખ્ત વયના લોકો દેશના નેતા પસંદ કરવા, વ્યવસાય ચલાવવા અને તેમના પરિવારનું ભરણપોષણ કરવા માટે એટલા બુદ્ધિશાળી માનવામાં આવે છે, પરંતુ શું જોવું કે નહીં તે પસંદ કરવા માટે નહીં. એક તરફ, સરકાર પુખ્ત વયના લોકોને મતદાનની મહત્વપૂર્ણ જવાબદારી સોંપી રહી છે, જ્યારે બીજી તરફ, એવું માનવામાં આવે છે કે ફિલ્મ તેમને ભ્રષ્ટ કરશે. આ સમાજનું રક્ષણ નથી, પરંતુ તેમની સાથે બાળકોની જેમ વર્તે છે.રામ ગોપાલ વર્મા તેમની પોસ્ટમાં આગળ લખે છે: "જો ૧૮ વર્ષનો બાળક પોતાનો નેતા પસંદ કરી શકે છે, તો તેમને કોઈ ચોક્કસ દુર્વ્યવહાર અથવા ચોક્કસ દ્રશ્ય તેમને ભ્રષ્ટ કરશે કે નહીં તે નક્કી કરવા માટે કોઈ અજાણી સમિતિની જરૂર નથી. ફિલ્મ એ ફિલ્મ નિર્માતાના દ્રષ્ટિકોણથી કહેવામાં આવેલી નાટકીય વાર્તા છે, અને તે દર્શકોની પસંદગી છે કે તેઓ તેની સાથે સંમત થાય કે નહીં. થિયેટર રિલીઝ માટે ફિલ્મમાંથી દ્રશ્યો કાપવા એ એકદમ હાસ્યાસ્પદ છે, કારણ કે સંપાદિત સંસ્કરણ કલાકોમાં ટોરોન્ટો, ટેલિગ્રામ અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર અપલોડ કરી શકાય છે."ઓબ્સેશનનું ઉદાહરણ આપતા રામ ગોપાલ વર્માએ કહ્યું, "ઓબ્સેશનનો 'માથું મારવાનો' દ્રશ્ય આનું ઉત્તમ ઉદાહરણ છે. સેન્સર બોર્ડ દ્વારા કાપ્યા પછી પણ, આ દ્રશ્ય ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર થિયેટરોમાં ફિલ્મ જોનારાઓ કરતાં ૧૦ ગણું વધુ વખત જોવામાં આવ્યું હશે.



# નિકોલસ પૂરને એમએલસીમાં ફિન એલનનો સૌથી ઝડપી સદીનો રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,

યુનાઈટેડ સ્ટેટ્સમાં રમાતી ફ્રેન્ચાઈઝી આધારિત ટી ૨૦ લીગ, મેજર લીગ ક્રિકેટની ચોથી સીઝનની એલિમિનેટર મેચ વોશિંગ્ટન ફ્રીડમ અને એમઆઇ ન્યૂ યોર્ક વચ્ચે ઓકલેન્ડના સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં, ટોસ હારી પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનારા એમઆઇ ન્યૂ યોર્કના કેપ્ટન નિકોલસ પૂરને ધમાકેદાર સદી ફટકારી,એમએલસીમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બનાવ્યો. પૂરને માત્ર ૩૧ બોલમાં પોતાની સદી પૂરી કરી, જેનાથી તેની ટીમ એમઆઇ ન્યૂ યોર્કને ૨૦ ઓવરમાં કુલ ૨૬૬ રનનો સ્કોર કરવામાં મદદ મળી.



એમએલસીમાં એમઆઇ ન્યૂ યોર્કના કેપ્ટન નિકોલસ પૂરન ઘણા સમયથી શાંત હતા, જેમાં આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં નોંધપાત્ર અસર કરવામાં નિષ્ફળ ગયા હતા. વોશિંગ્ટન ફ્રીડમ સામેની એલિમિનેટર મેચમાં, એમઆઇ ન્યૂ યોર્કે પોતાની પહેલી વિકેટ માત્ર ૯ રન પર ગુમાવી દીધી. બેટિંગમાં આવતા, નિકોલસ પૂરને ધમાકેદાર રન-સ્કોરિંગ શરૂ કર્યું, ક્વિન્ટન ડી કોક સાથે માત્ર ૪૨ બોલમાં બીજી વિકેટ માટે ૧૧૮ રનની ભાગીદારી કરી. પૂરને માત્ર ૩૧ બોલમાં ૧૩ છગ્ગા અને પાંચ ચોગ્ગા ફટકારીને પોતાની સદી પૂરી કરી.

# રાજકોટ ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ




## ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલા ૩૮૦ બાળકોને શાળા પ્રવેશ અને ૮૪૩ બાળકોના સફળ પુનર્વસનની કામગીરીને આયોગે બિરદાવી

રાજકોટ, બાળ સુરક્ષા અને અધિકારોના સુદ્રઢીકરણ માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં આયોગના સચિવ શ્રી ડી.ડી.કાપડીયા, સભ્ય સર્વે શ્રી અમૃતાબેન અખિયાં, શ્રી કમલેશભાઈ રાઠોડ અને રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં આયોગના ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં દરેક બાળક 'સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત' બને તે દિશામાં કાર્યો થઈ રહ્યા છે. બાળકોના ઘડતરમાં આંગણવાડીઓની ભૂમિકા મહત્વની છે. જેમાં બાળકોની ૧૦૦% હાજરી અને સંપૂર્ણ પોષણ સુનિશ્ચિત કરવું જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દીકરીઓ આત્મનિર્ભર, સક્ષમ અને માનસિક રીતે મજબૂત બને તેવા પ્રયાસો થવા જોઈએ, જેથી તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિનો નીડરતાથી સામનો કરી શકે.

બેઠકને સંબોધતા આયોગના સચિવ શ્રી ડી.ડી. કાપડીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓને બાળમજૂરી મુક્ત, બાળલગ્ન મુક્ત અને ચાઈલ્ડ ફ્રેન્ડલી ગવર્નન્સ તરફ લઈ જવાનો સરકારનો નિર્ધાર છે. તેમણે ઉમેર્યું કે, તમામ નાગરિકોએ પોતાની ભૂમિકા સમજીને બાળકો માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

બાળકોના ઉત્થાન માટે કાર્યરત વિવિધ સંસ્થાઓમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત રાખવા માટે તમામ સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં રાખવા ચેરમેન દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું. તેમજ બાળ મજૂરી અને ભિક્ષાવૃત્તિના દૂષણને જડમૂળથી ડામવા રાજકોટ શહેર અને જિલ્લામાં મુખ્ય હોટસ્પોટ વિસ્તારોમાં બહારથી બાળકો લાવીને મજૂરી કરાવતા લોકોની યાદી તૈયાર કરી આખી ચેનલને બ્લોક કરવા અધ્યક્ષસ્થાનેથી સૂચના અપાઈ હતી. રાજકોટ જિલ્લામાં બાળ સંભાળ સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪થી અત્યાર સુધીના સમયગાળામાં ૮૪૩ જેટલા બાળકોનું પુનર્વસન કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ બદલ આયોગે જિલ્લા વહીવટી તંત્ર, બાળ સુરક્ષા એકમ અને સંસ્થાઓના પ્રતિનિધિઓને અભિનંદન પાઠવ્યા હતા. સાથોસાથ જિલ્લામાં ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા ૩૮૦ જેટલા બાળકોને શોધીને તેઓને શાળાઓમાં પ્રવેશ અપાવી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાની કામગીરીને ચેરમેનશ્રીએ બિરદાવી હતી. બેઠકમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી સંયુક્ત રાષ્ટ્ર સંઘના બાળ અધિકાર સંમેલન (યુએનસીઆરસી, ૧૯૮૯) અંતર્ગત બાળકોના મૂળભૂત ચાર સિદ્ધાંતો ભેદભાવથી મુક્તિ, બાળકનું શ્રેષ્ઠ હિત, જીવન-વિકાસ અને સહભાગીદારીના અધિકાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, સમાજ સુરક્ષા વિભાગનાં નાયબ નિયામક શ્રી વશીમ શા સૈયદ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મેહુલગીરી ગોસ્વામી, ચીફ ઓફિસર-સમાજ સુરક્ષા કચેરી શ્રી સંતોષભાઈ રાઠોડ સહિતના અધિકારીશ્રીઓ, જિલ્લા બાળ સુરક્ષા સમિતિ, સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટ અને જિલ્લા ટાસ્ક ફોર્સના સભ્યોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જન્મદિન નિમિત્તે આંગણવાડીના બાળકોને મિઠાઈ વિતરણ



રાજકોટ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મ દિવસ તા. ૧૫ જુલાઈના રોજ તેમના જન્મ દિવસની ઉજવણી અને સેવાકીય કાર્યક્રમો અંતર્ગત રાજકોટ શહેરના વોર્ડ નં. ૧ માં આવેલ આંગણવાડીના બાળકોને મીઠાઈ વિતરણ કરવામાં આવેલ હતી. આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, વોર્ડ નં.૧ ના પ્રભારી પૂર્વેશ ભટ્ટ, વોર્ડ પ્રમુખ નાગજીભાઈ વરૂ, મહામંત્રી રાણાભાઈ ગોજીયા, વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર જયદિપસિંહ જાડેજા, ડો. પરેશભાઈ ઠાકર, અંજનાબેન મોરઝરીયા, સેજલબેન ચૌધરી સહિત તમામ શ્રેણીના વોર્ડ નં. ૧ ના શહેર ભાજપ હોદ્દેદારો સહિત વોર્ડના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના ભકિતનગર રેલવે સ્ટેશનમાં ચિત્ર-નિબંધ સ્પર્ધા યોજાઈ



રાજકોટ, અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકસીત થયેલ ભકિતનગર સ્ટેશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલ ઉદઘાટન પૂર્વે શાળાના છાત્રો માટે ચિત્ર-નિબંધ અને સેલ્ફી વિથ સ્ટેશન સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં રાજકોટની ૧૧ હાઈસ્કુલના ૭૫૦ છાત્રોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલા ૯૦ છાત્રો અને તેમના શિક્ષકોનું ઉદઘાટન સમારોહમાં સન્માનિત કરવામાં આવશે. સેલ્ફી વિથ સ્ટેશન સ્પર્ધા અંતર્ગત છાત્રોએ રેલવે સ્ટેશનના આકર્ષક ભવનના બેક ગ્રાઉન્ડમાં તસ્વીરો ખેંચી ક્ષરને યાદગાર બનાવી હતી.

# મુખ્યમંત્રીના જન્મદિને રાજકોટ શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા વડીલોને ભોજન કરાવાયું



રાજકોટ, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મ દિવસ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ઈબ્રાહિમ સોનીની આગેવાનીમાં સદભાવના વૃધ્ધાશ્રમના વડીલોને ભોજન કરાવવામાં આવેલ. પ્રદેશ ભાજપ લઘુમતી મોરચા મંત્રી રાજુભાઈ દલવાણી, શહેર લઘુમતી મોરચા પ્રમુખ ઈબ્રાહિમ સોની, મહામંત્રી ફિરોઝભાઈ ડેલા, અમીનભાઈ સમા, શહેર લઘુમતી મોરચાના શહેનાઝભાઈ સિલ્લીકી, આશીફભાઈ મલેક, અનવરભાઈ દલ, યુસુફભાઈ ભારમલ, સૈયદ અર્શબાપુ બુખારી, સલીમભાઈ દસાડીયા, ફકરુલ્લીન દાઉદી, અબુભાઈ આમદાની ઉપસ્થિત રહ્યા હતા

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી પરીક્ષા નિયામકનો ચાર્જ ધીરેન પંડયાને સોંપાયો

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કાર્યકારી પરીક્ષા નિયામક પદે લાંબી વિચારણા બાદ આખરે એકેડેમીક સ્ટાફ કોલેજના પ્રોફેસર ડો.ધીરેન પંડયાની નિમણુંક કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રા યુનિવર્સિટીના કાયમી કુલપતિ પદે ઉત્પલ જોશી અને રજીસ્ટ્રાર પદે અજયસિંહ જાડેજાની નિમણુંક બાદ પણ યુનિવર્સિટીનો વહીવટ અને ગરીમા સતત કથળતા રહયા છે. અનેક ગેરરીતિઓ પ્રકાશમાં આવતી રહી છે. તેમાંય પરીક્ષા વિભાગનો વહીવટ ખાડે ગયો છે. પરીક્ષાનું સમયપત્રાક કે પરીણામનું કોઈ આયોજન નથી. પરિણામે વિદ્યાર્થીઓને ભારે નુકશાન થઈ રહ્યું છે.



કાર્યકારી પરીક્ષા નિયામક મનીશભાઈ શાહે રાજીનામુ આપતા ખાલી પડેલી જગ્યા ઉપર કોઈ જવાબદારી ન લેતા આખરે અગાઉ પરીક્ષા વિભાગમાં ફરજ બજાવતા એકેડેમીક સ્ટાફ કોલેજના પ્રો. ધીરેન પંડયાની પસંદગી કરવામાં આવી છે.

# રાજકોટ ખાતે લોકસાહિત્યકાર મનહરદાન ગઢવીના પુસ્તક વિમોચન કરાયું



રાજકોટ,લોકસાહિત્યકાર મનહરદાન ગઢવી આ લેખીત ભજન ગંગા બુકનું રાજકોટ કલેકટરની ચેમ્બરમાં રૂપાલાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું આ પ્રસંગે સાહિત્યકારે સાંસદને રજવાડી પોશાક પણ અર્પણ કરી અભિવાદન કર્યું હતું. કલેકટર ઓફિસમાં આયોજિત પ્રસંગે કલેકટર, ડીડીઓ, ટ્રેઈની આઈ.એ.એસ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# તેરા તુજકો અર્પણ: ૧૫ દિવસમાં ગૂમ થયેલા, ચોરાયેલા ૬.૩૬ લાખના મોબાઈલ પોલીસે શોધી માલિકોને પરત આપ્યા

રાજકોટ, રાજકોટ શહેર પોલીસ દ્વારા ચાલી રહેલી 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા આ મહિનામાં લોકોના ચોરાયેલા-ગૂમ થયેલા રૂા. ૬.૩૬ લાખના ૩૦ મોબાઈલ ફોન શોધીને તેમને પરત કરવામાં આવ્યાલ હતાં.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્યૂ માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ શહેરમાંથી ચોરી કે ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત આપવા માટે એક વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ડી.સી.બી. પોલીસ સ્ટેરશન દ્વારા સીઈઆઈઆર પોર્ટલની મદદથી મોબાઈલ ટ્રેસ કરાયા હતાં. એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાના અધ્યઈક્ષ સ્થાીને પીઆઈ એ. એસ. ચાવડાના માર્ગદર્શન હેઠળ અરજદારોના ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ ફોનની વિગતો મેળવી, ટેકનિકલ સોર્સ અને સીઈઆઈઆર પોર્ટલ પર સતત મોનિટરિંગ અને ટ્રેસિંગ કરીને મોબાઈલ શોધી કાઢવામાં આવ્યા હતા.

આ મહિનાની તા. ૧ થી ૧૫ સુધીમાં ડીસીબી પોલીસ સ્ટે શન દ્વારા ખોવાયેલા-ગૂમ થયેલા આવા ૩૦ મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યાા છે જેથી કિંમત રૂા. ૬,૩૬,૭૦૦ થાય છે. ડીસીપી જગદીશ બાંગરવા, પીઆઈ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવના હસ્તે આ મોબાઈલ જે તે મુળ માલિકને પરત સોંપાયા હતાં. આ કામગીરી એએસઆઈ ભુપતભાઈ દેસાઈ, કોન્સલ. નગ્માનબેન સુમરાએ કરી હતી.

# રાજકોટ આરટીઓ ઓફીસ ખાતે નવો એઆઈ' ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ: પ્રથમ બે વાહનધારકો ટેસ્ટમાં પાસ થયા

## કોઈપણ માનવિય હસ્તક્ષેપ વિના ઓટોમેટીક ટેસ્ટનું રિઝલ્ટ જનરેટ થશે : આધાઈકારી ઈન્દ્રજીત ટાંક

રાજકોટ,રાજકોટ આરટીઓ ઓફીસ ખાતે રૂપિયા એકાદ કરોડના ખર્ચે બનેલ નવો અદ્યતન 'એઆઈ' ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક અંતે.. લાંબા સમયનાં ઈન્તજાર બાદ આજથી શરૂ કરી દેવાયો છે. આ અંગે રાજકોટ જીલ્લા આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંકનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે આજે બપોરે ૧૨ કલાકથી નવો એઆઈ ટ્રેક શરૂ કરી દેવાયો છે. આજરોજ ૩૫ જેટલા વાહન ધારકોનો ડ્રાઈવીંગ ટેસ્ટ લેવાનું આયોજન છે.

વધુમાં ટાંકે જણાવેલ હતું કે આજે સવારે ટેસ્ટના પ્રારંભે પ્રથમ બે ટુવ્હીલ વાહનધારકો ટેસ્ટમાં પાસ થઈ ગયા હતાં.વધુમાં આરટીઓ અધિકારીએ જણાવેલ હતું કે રાજયની કુલ ૩૭ આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ કચેરીઓ ખાતેના ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકોને વિડીયો એનાલીટીક ટેકનોલાજી અને આર્ટીફીશીયલ ઈન્ટેન્લીન્સ પદ્ધતિથી અધ્યતન કરવા સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કામગીરી માં કુલ ૪૨ ફોર વ્હીલ ટ્રેક તથા ૪૩ ટુ વ્હીલર ટ્રેકનો સમાવેશ થાય છે. આ ટેકનોલોજી માં એક ટ્રેક લોકેશન પર કુલ ૧૭ જેટલા થી વધુ કેમેરાની મદદથી ટેસ્ટનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે અને કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના ઓટોમેટીક ટેસ્ટનું રીઝલ્ટ જનરેટ થશે.

ટેસ્ટ શરૂ થતા પેહલા ટુટોરીયલની મદદથી ટેસ્ટની સમ્પૂર્ણ માહિતી અરજદારોને પૂરી પાડવામાં આવશે. અરજદારોને ટેસ્ટની કોમ્પ્રીહેન્સીવ રીઝલ્ટ પૂરું પાડવામાં આવશે જેથી તેઓ દ્વારા ટેસ્ટમાં ક્યા પેરામીટર માં સુધારો કરવાની જરૂર છે તેની માહિતી મળી શકશે.

## ડીબીએસ બેન્ક ઈન્ડિયાએ કાલાવડ ખાતે આવેલી શાખા દ્વારા

# રાજકોટના ગ્રાહકોને એશિયાઈ નિપુણતા અને વૈશ્વિક જોડાણની સુવિધા વધુ નજીક પહોંચાડી

રાજકોટ, ડીબીએસ બેન્ક ઈન્ડિયાએ નોવેમ સ્ક્વેર ખાતે તેની અપગ્રેડેડ કાલાવડ શાખાનું ઉદ્ઘાટન કરીને રાજકોટમાં પોતાની હાજરીને વધુ મજબૂત બનાવી છે. આ સાથે બેન્કે સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપવાની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત કરી છે. ડીબીએસ બેન્ક ઈન્ડિયા સિંગાપોરની મજબૂત બેન્કિંગ પરંપરા, સ્થાનિક બજારની ઊંડી સમજ અને ભારતમાં ત્રણ દાયકાથી વધુ સમયથી ગ્રાહકો સાથે સ્થાપેલા વિશ્વાસપૂર્ણ સંબંધોનું અનોખું સંયોજન ધરાવે છે.ડીબીએસ બેન્ક ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને હેડ - કન્ઝ્યુમર બેન્કિંગ ગ્રુપ - અંબુજ




ચાંદનાએ જણાવ્યું હતું કે, "ઉદ્યોગસાહસિકતા, વધતી સમૃદ્ધિ અને દેશ-વિદેશના બજારો સાથે વધતા જોડાણને કારણે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તાર અમારા માટે એક મહત્વપૂર્ણ વિકાસ બજાર બની રહ્યો છે. જેમ જેમ સંપત્તિ સર્જનની ગતિ વધી રહી છે, તેમ ગ્રાહકો તેમની વધતી જતી આકાંક્ષાઓ અને વૈશ્વિક જીવનશૈલીને અનુરૂપ એવી અદ્યતન બેન્કિંગ અને વેલ્થ મેનેજમેન્ટ સેવાઓ શોધી રહ્યા છે, જે તેમની વ્યક્તિગત તેમજ વ્યવસાયિક બેન્કિંગની જરૂરિયાતોને પણ પૂર્ણ કરે.આ અપગ્રેડ કરાયેલી શાખા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગો તથા વ્યવસાયોને વ્યાપક ફાઈનાન્સિંગ અને ટ્રાન્ઝેક્શન બેન્કિંગ સર્વિસીસ પૂરી પાડવાની ડીબીએસ બેન્ક ઈન્ડિયાની ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. તેમાં મિલકત સામે લોન (એલએપી), ઓવરડ્રાફ્ટ સુવિધા અને માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ માટેની ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ (સીજીએમટીએમએસઈ) સ્કીમ હેઠળની લોનનો સમાવેશ થાય છે.

# રાજકોટના સંકલ્પ સિધ્ધ હનુમાનજીને શ્રી જગન્નાથજીનો દિવ્ય શણગાર

રાજકોટ,રાજકોટના કાલાવડ રોડ પર બિરાજમાન શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજ આજે દિવ્ય અને મનોહર શૃંગારમાં ભકતોમાં કૃપાદ્રષ્ટિ અર્પી રહ્યા છે. સુવર્ણ આભા ધરાવતા વાઘા પર અંકિત શ્રી જગન્નાથજીના દિવ્ય સ્વરૂપો શૃંગારને વિશેષ આધ્યાત્મિક ભવ્યતા બક્ષે છે.

મસ્તકે હીરા-મોતીથી જડિત ભવ્ય મુકુટ અને દિવ્ય કલગી દાદાના તેજને અનેકગણું વધારી રહ્યા છે. ગુલાબી ખેસની મનોહર છટા સુવર્ણ વાઘા સાથે અદભુત સૌંદર્ય સર્જી રહી છે. હસ્તમાં ગદા ધારણ કરેલ દાદાનું અભયમુદ્રા યુકત સ્વરૂપ ભકતોના સંકલ્પોને સિધ્ધ કરનાર, કૃપામૂર્તિ તરીકે દર્શન આપે છે.

સુવર્ણ કોતરણીયુક્ત સિંહાસન અને લાલ સુવર્ણ તોરણ સમગ્ર ગર્ભગૃહને દિવ્ય વૈભવથી શોભાવી રહ્યા છે. પીળા અને લાલ પુષ્પોની મનોહર શોભા ભકિતના ભાવને વધુ સુગંધિત બનાવી રહી છે. દાદાના આ દિવ્ય દર્શન ભકતોના મનમાં અડગ શ્રધ્ધા, ભકિત અને અખૂટ શાંતિનો સંચાર કરે છે.



# રાજકોટના વોર્ડ નં ૧૬માં કોંગ્રેસના કોર્પોરેટર દ્વારા વૃક્ષારોપણ કરાયું

રાજકોટ, રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૬માં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં આવેલ બગીચામાં રાખતા ત્યાં ૧૫૦ થી વધુ વૃક્ષારોપણ કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં કોંગ્રેસના કોર્પોરેટર ઈબ્રાહીમભાઈ સોરા, અર્જુનભાઈ ચૌહાણ, રસીલાબેન ગરૈયા, દીપ્તિબેન સોલંકી, વોર્ડ નં.૧૬ના પ્રમુખ સુરેશભાઈ ગરૈયા, મનોજભાઈ ગઢવી સરીફભાઈ સોઢા, જયદીપભાઈ સોલંકી, હાજીભાઈ ઓડિયા તથા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો જોડાયેલા હતા

# ગેરકાયદે ઘૂસણખોરી મામલે ચાર રાજ્યોમાં ઈડીના દરોડા

## બાંગ્લાદેશી ઘૂસણખોરોને મદદ કરવા જરૂરી આધાર,પુરાવાઓ પુરા પાડતી ગેંગ વિરુદ્ધ ઈડીએ કરી કાર્યવાહી

લખનઉ

રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોની ગેરકાયદેસર ઘૂસણખોરી, નકલી ભારતીય દસ્તાવેજો તૈયાર કરવા અને ભારતમાં તેમના કાયમી વસવાટ સંબંધિત મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ગુરુવારે પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત અનેક સ્થળોએ વ્યાપક દરોડા પાડ્યા હતા. આંતરરાષ્ટ્રીય સરહદ દ્વારા ગેરકાયદેસર ઘૂસણખોરી, નકલી આધાર, પાન કાર્ડ અને પાસપોર્ટ બનાવવા અને વિદેશી ભંડોળની મદદથી ઘૂસણખોરોને દેશમાં સ્થાયી કરવાના આરોપસર એક સંગઠિત ગેંગ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈડીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારો સહિત ચાર રાજ્યોમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય એજન્સી ખાસ કરીને એક સિન્ડિકેટની ગતિવિધિઓ પર નજર રાખી રહી છે જે એફસીઆરએ હેઠળ નોંધાયેલા જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યરત છે અને આ ટ્રસ્ટોને યુકે સ્થિત ચોક્કસ સંસ્થાઓ પાસેથી ભંડોળ પ્રાપ્ત થયું છે.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના સહારનપુર (દેવબંધ), દિલ્હીના જામિયા નગર, હરિયાણાના બલ્લભગઢ (ફરીદાબાદ જિલ્લો) અને પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગના, ઉત્તર ૨૪ પરગના અને મુર્શિદાબાદમાં લગભગ ૧૩ સ્થળો પર એજન્સીના લખનઉ ઝોનલ ઓફિસ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા.

ઈડીનો આ કેસ ઉત્તર પ્રદેશ એટીએસની એફઆઈઆર સાથે સંબંધિત છે. આ એફઆઈઆર એક એવા સંગઠિત સિન્ડિકેટ અંગે છે જે કથિત રીતે રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરવામાં, આધાર, પાન અને પાસપોર્ટ જેવા બનાવટી ભારતીય ઓળખ દસ્તાવેજો બનાવવામાં અને દેશના વિવિધ ભાગોમાં તેમને વસવાટ કરાવવામાં મદદ કરવામાં સામેલ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે એટીએસની તપાસમાં નાણાકીય નેટવર્કનો ખુલાસો થયો છે જેમાં કેટલાક ચેરિટેબલ ટ્રસ્ટ અને સંસ્થાઓ કથિત રીતે નોંધપાત્ર વિદેશી યોગદાન મેળવે છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સરળ બનાવવા માટે તેને વિવિધ બેન્ક ખાતાઓ, મ્યૂલ ખાતાઓ અને અનેક સ્તરે નાણાની હેરાફેરી કરતા હતા. ઈડીને શંકા છે કે ભારતમાં સ્થાયી થવા માટે શંકાસ્પદ વ્યક્તિઓને ૬,૦૦૦, ૮,૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાના નાના હપ્તામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ બંગાળના કેટલાક સરહદી જિલ્લાઓમાં ઈડીને શંકા છે કે, એક જૂથ ગેરકાયદે રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓને ભારતમાં ઘૂસણખોરી કરવામાં મદદ કરી રહ્યું હતું. આ ગેરકાયદે ઘૂસણખોરો માટે બધા દસ્તાવેજો તૈયાર કરવા માટે અન્ય એક જૂથ જવાબદાર હતું અને પછી તેમને આજીવિકાની શોધમાં અથવા અન્ય હેતુઓ માટે ભારતના અન્ય ભાગોમાં મોકલવામાં આવતા હતા.

# એનસીપી ભારત ગઠબંધન છોડશે નહીં, સાથે મળીને સીમાંકનનો નિર્ણય લેશેઃ સુપ્રિયા સુલે

## સુપ્રિયા સુલે સ્પષ્ટપણે કહ્યું કે તેમનો પક્ષ ઈન્ડિયા ગઠબંધનનો ભાગ

મુંબઈ,

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર) ના કાર્યકારી પ્રમુખ અને સાંસદ સુપ્રિયા સુલેએ એનડીએમાં જોડાવાની અટકળોને સ્પષ્ટપણે ફગાવી દીધી. તેમણે એમ પણ કહ્યું કે તેમનો પક્ષ કોઈના દબાણ હેઠળ કામ કરશે નહીં. સુપ્રિયા સુલે સ્પષ્ટપણે કહ્યું કે તેમનો પક્ષ ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે અને તમામ ગઠબંધન પક્ષો સીમાંકન જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સંયુક્ત રીતે નિર્ણય લેશે.સુપ્રિયા સુળેએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે તેમને કેન્દ્ર સરકાર તરફથી હજુ સુધી સીમાંકન અંગે કોઈ બિલ કે



સત્તાવાર પ્રસ્તાવ મળ્યો નથી. તેથી, સમર્થન કે વિરોધનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે પણ આવો કોઈ પ્રસ્તાવ આવશે, ત્યારે પાર્ટી ભારત જોડાણના તમામ પક્ષો સાથે વિગતવાર ચર્ચા કર્યા પછી પોતાનું વલણ નક્કી કરશે.

મહિલા અનામતના પ્રશ્ન પર, તેમણે કહ્યું કે સંસદ દ્વારા પસાર કરાયેલ ૩૩ ટકા મહિલા અનામત કાયદાનો પહેલા અમલ થવો જોઈએ. સુપ્રિયાના મતે, ભારત જોડાણ કે એનસીપી એસપીએ સીમાંકનની માંગણી કરી નથી.

સુપ્રિયા સુળેએ એ પણ ખુલાસો કર્યો કે બજેટ સત્ર દરમિયાન, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ તેમને, અસદુદ્દીન ઓવૈસી અને અરવિંદ સાવંતને ચર્ચા માટે બોલાવ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર હતા. બેઠકમાં વસ્તી આધારિત સીમાંકનમાં કોઈપણ અસંતુલન ટાળવા માટે તમામ રાજ્યોમાં હાલની લોકસભા બેઠકો ૫૦ ટકા વધારવાના સંભવિત ફોર્મ્યુલા પર ચર્ચા થઈ હતી.

# પુરીમાં જગન્નાથ રથયાત્રા દરમિયાન ભાગદોડમાં એકનું મોત, અનેક ઘાયલ

પુરી,

ગુરુવારે ઓડિશાના પુરીમાં વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રા દરમિયાન ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની વાર્ષિક રથયાત્રા જોવા માટે મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ હતી, ત્યારે એક ભક્તનું શંકાસ્પદ ગૂંગળામણથી મૃત્યુ થયું હોવાનું અને ઘણા અન્ય ઘાયલ થયા હોવાની આશંકા છે.

રથ ખેંચવાની વિધિ જોવા માટે બડા દંડ (ગ્રાન્ડ રોડ) પર રાહ જોતી વખતે કથિત રીતે ગૂંગળામણ અનુભવાયા બાદ ભક્ત પડી ગયો હતો. તેને તાત્કાલિક પુરી જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ (ઢૐૐ) લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોકટરોએ પહોંચતા જ તેને મૃત જાહેર કર્યો હતો.

ભોગ બનનારની ઓળખ કટક જિલ્લાના રહેવાસી ૩૫ વર્ષીય અનિલ દાસ તરીકે થઈ છે.

ભીડમાં ઘણા અન્ય ભક્તો પણ ઘાયલ થયા હોવાના અહેવાલ છે, કટોકટી ટીમો તબીબી સહાય પૂરી પાડી રહી છે અને ઘાયલોને સારવાર માટે ખસેડી રહી છે.

ગુંડિચા મંદિરમાં વાર્ષિક રથયાત્રા દરમિયાન અધિકારીઓ ભીડ વ્યવસ્થાપનનું નિરીક્ષણ કરી રહ્યા હોવાથી પોલીસ અને આપત્તિ પ્રતિભાવ કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા છે અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

રથયાત્રામાં ભાગ લેવા માટે ભક્તો ભારે વરસાદનો સામનો કરી રહ્યા છે

# સંસદના ચોમાસુ સત્રમાં રજૂ થનાર સંભવિત સીમાંકન સુધારા બિલનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરશે

## ચોમાસુ સત્ર પહેલા સંસદીય પક્ષની બેઠકમાં ચર્ચા બાદ કરાઈ જાહેરાત

નવીદિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર આવતા સોમવારથી શરૂ થવાનું છે. આ વખતે, સંસદ સત્રમાં ફક્ત એક નહીં, પરંતુ ત્રણ બંધારણીય સુધારા બિલ રજૂ કરવામાં આવી શકે છે. સરકાર સંપૂર્ણ તૈયારી સાથે બંધારણીય સુધારા બિલ રજૂ કરી શકે છે. પરિણામે, કોંગ્રેસ પાર્ટી પણ તેની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે. ગુરુવારે દિલ્હીમાં કોંગ્રેસ સંસદીય પક્ષની એક મોટી બેઠક યોજાઈ હતી, ત્યારબાદ એવી જાહેરાત કરવામાં આવી હતી કે કોંગ્રેસ પાર્ટી સીમાંકન બિલનો વિરોધ કરશે. આ બેઠક સોનિયા ગાંધીના નેતૃત્વમાં ૧૦ જનપથ ખાતે યોજાઈ હતી અને પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.



કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠક બાદ જયરામ રમેશે કહ્યું, "અમને જાણવા મળ્યું છે કે સીમાંકન બિલ રજૂ કરવામાં આવશે તેવા સમાચાર છે. કોંગ્રેસ પાર્ટી તેનો વિરોધ કરશે. અમે અન્ય સમાન વિચારધારા ધરાવતા પક્ષો સાથે એક થઈને ઊભા રહીશું. સોનિયા ગાંધીએ આજે અમારી સંસદીય વ્યૂહરચના પર ચર્ચા કરવા માટે એક બેઠકનું નેતૃત્વ કર્યું હતું. આ વખતે કયા બિલ રજૂ કરવામાં આવશે તેની અમારી પાસે કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. અમને રવિવારે સર્વપક્ષીય બેઠકમાં આ વિશે જાણવાની આશા છે, પરંતુ સરકાર તરફથી આ માત્ર ઔપચારિકતા હશે."

જયરામ રમેશે વધુમાં કહ્યું, "સર્વપક્ષીય બેઠકો માત્ર ઔપચારિકતા છે." આમાં ૩૫ નેતાઓ બોલે છે, ૪ સાંભળે છે, અને ફક્ત ૨ જ નિર્ણયો લે છે અને તેમને અમલમાં મૂકવા દબાણ કરે છે. અમને આશા છે કે સરકાર સીમાંકન બિલ રજૂ કરવાનો પ્રયાસ કરશે, કારણ કે તે ૧૭ એપ્રિલે ૧૩૧મા બંધારણીય સુધારા બિલ પર ચર્ચા હારી ગઈ હતી. અમે તેનો વિરોધ કરીશું અને તમામ વિપક્ષી પક્ષોની એકતા જાળવવાનો પ્રયાસ કરીશું.

# ન્યુઝીલેન્ડમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવતા સુનામીની ચેતવણી

ન્યુઝીલેન્ડ,

ગુરુવારે ન્યુઝીલેન્ડ ૫.૯ ની તીવ્રતાના ભૂકંપથી હચમચી ગયું હતું, દક્ષિણ ટાપુ પર આવેલા તે અનાઉ શહેર નજીક ભૂકંપ આવ્યા બાદ અધિકારીઓએ શરૂઆતમાં જારી કરાયેલી સુનામી ચેતવણીને એડવાઈઝરીમાં ઘટાડી દીધી હતી

ભૂકંપ તે અનાઉથી લગભગ ૪૦ કિમી ઉત્તરમાં આવ્યો હતો, અધિકારીઓએ શરૂઆતમાં તેની તીવ્રતા ૬.૩ નો અંદાજ લગાવ્યો હતો અને દક્ષિણ ટાપુના પશ્ચિમ કિનારા માટે મિલ્ફોર્ડ સાઉન્ડથી પુયસેગુર પોઈન્ટ સુધી સુનામી ચેતવણી જારી કરી હતી. અપડેટેડ મૂલ્યાંકન પછી ચેતવણીને બાદમાં ડાઉનગ્રેડ કરવામાં આવી હતી.

સુનામી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હોવા છતાં, ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન એજન્સી (દ્નઈસ્છ) એ ચેતવણી આપી હતી કે દરિયાકાંઠાના વિસ્તારોમાં હજુ પણ "તીવ્ર અને અસામાન્ય પ્રવાહો અને કિનારા પર અણધારી લહેરો"નો અનુભવ થઈ શકે છે. રહેવાસીઓ અને મુલાકાતીઓને પાણીની બહાર રહેવા, દરિયાકિનારા ટાળવા અને બંદરો, મરીના અને નદીના મુખથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.ન્યુઝીલેન્ડની જીઓનેટ મોનિટરિંગ સિસ્ટમે આ વિસ્તારમાં "તીવ્ર" ધ્રુજારીની જાણ કરી હતી. તે અનાઉમાં ફિઓર્ડલેન્ડ હોટેલના ડ્યુટી મેનેજર મેલેન પુયાટે રોઈટર્સને જણાવ્યું હતું કે ભૂકંપ લગભગ એક મિનિટ ચાલ્યો હતો.

# રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક ગેરકાયદેસર ધાર્મિક બાંધકામો દૂર કરવામાં આવશે

## પરવાનગી વિના સરહદથી ૫૦ કિમીની અંદર અનેક મદરેસા, મસ્જિદો, દરગાહ અને અન્ય બાંધકામો બનાવવામાં આવ્યા

જયપુર,

રાજસ્થાન હાઈકોર્ટની જયપુર બેન્ચના જસ્ટિસ સમીર જૈને ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બનેલા ધાર્મિક સ્થળો અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય જારી કર્યો છે.

એ નોંધવું જોઈએ કે વહીવટીતંત્રે સરહદી વિસ્તારોમાં યોગ્ય પરવાનગી વિના બાંધવામાં આવેલા ધાર્મિક સ્થળો દૂર કરવા માટે નોટિસ જારી કરી હતી. આ નોટિસોને વિવિધ અરજીઓ દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. સોમવારે હાઈકોર્ટે આ અરજીઓ ફગાવી દીધી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશ પર, સુરક્ષા એજન્સીઓએ સરહદી વિસ્તારનો સર્વે શરૂ કર્યો. છેલ્લા કેટલાક વર્ષોમાં, કલેક્ટરની પરવાનગી વિના સરહદથી ૫૦ કિમીની અંદર અનેક મદરેસા, મસ્જિદો, દરગાહ અને અન્ય બાંધકામો બનાવવામાં આવ્યા હતા, જેને રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો માનવામાં આવતો હતો. ત્યારબાદ, આ બાંધકામોને દૂર કરવા માટે નોટિસ જારી કરવામાં આવી હતી, જેને સ્થાનિક સમિતિઓ દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. તાજેતરમાં બાડમેર અને જેસલમેરમાં કાર્યવાહી કરવામાં આવી હતી. હવે, કોર્ટે આ બધી અરજીઓ ફગાવી દીધી છે.

આ કેસની સુનાવણી દરમિયાન, કોર્ટે સ્પષ્ટપણે સ્વીકાર્યું કે કાયદેસર પરવાનગી વિના આંતરરાષ્ટ્રીય સરહદની નજીક બાંધવામાં આવેલા ધાર્મિક બાંધકામો કાયદા હેઠળ ગેરકાયદેસર છે.

# ટીએમસી સાંસદ અને ટોલીવુડ અભિનેત્રી કોયલ મલ્લિકે રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું

## ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને વધુ એક મોટો ફટકો

કોલકાતા,

તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને લોકપ્રિય ટોલીવુડ અભિનેત્રી કોયલ મલ્લિકે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના નિર્ણયથી પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. આને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસી વડા મમતા બેનર્જી માટે એક મોટા રાજકીય આંચકા તરીકે જોવામાં આવી રહ્યું છે. રાજ્યસભામાંથી રાજીનામું આપ્યા પછી તરત જ, કોયલ મલિકે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સાથે મુલાકાત કરી. આ મુલાકાતનું સત્તાવાર કારણ હજુ સુધી જાહેર થયું નથી, પરંતુ તેનાથી રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ છે. નોંધનીય છે કે અગાઉ ટીએમસી રાજ્યસભાના સાંસદોએ રાજીનામું આપ્યું હતું, જેના કારણે કોયલ મલિકના રાજીનામા અંગે અટકળો શરૂ થઈ હતી.

નોંધનીય છે કે રાજ્યસભા સભ્ય બન્યા પછી કોયલ મલિક સંસદના એક પણ સત્રમાં હાજરી આપી ન હતી. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાંથી ૨૦૨૬ ની રાજ્યસભા ચૂંટણી માટે તેમના ઉમેદવાર જાહેર કર્યા.

# લોકશાહીમાં પ્રશ્નો પૂછવાનું બંધ ન થવું જોઈએ, જ્યારે જીવ જોખમમાં હોય ત્યારે સરકાર કેમ ચૂપ રહે છે : સિબ્બલ

## સોનમ વાંગચુકના અનશનને રાજ્યસભાના સાંસદ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલનો ટેકો

નવીદિલ્હી,

નીટ પરીક્ષામાં ગેરરીતિઓને લઈને લદ્દાખના સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક દિલ્હીના જંતર-મંતર ખાતે અનિશ્ચિતકાળ માટે ઉપવાસ પર છે. તેમના ભૂખ હડતાળ અને ઉપવાસને રાજ્યસભાના સાંસદ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલનો ટેકો મળ્યો છે. કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવતા સિબ્બલે કહ્યું કે આજે સોનમ વાંગચુકના ઉપવાસનો ૧૮મો દિવસ છે, છતાં સરકારે હજુ સુધી



કોઈ વાતચીત શરૂ કરી નથી.

કપિલ સિબ્બલે પૂછ્યું, "કોઈ ભૂખ હડતાળ પર કેમ જાય છે? મહાત્મા ગાંધી ઉપવાસ કેમ કરતા હતા? જ્યારે પણ એવું લાગે છે કે સરકાર અન્યાય કરી રહી છે, ત્યારે વિરોધ કરવો સ્વાભાવિક છે. વિરોધના ઘણા સ્વરૂપો છે, અને ઉપવાસ તેમાંથી એક છે."

તેમણે કહ્યું કે જ્યારે કોઈ ઉપવાસ પર જાય છે અને પોતાનો જીવ જોખમમાં મૂકે છે, ત્યારે સરકારની જવાબદારી છે કે તે ઓછામાં ઓછું તેમની સાથે વાતચીત કરે. લોકશાહીમાં, કોઈપણ વિવાદનો સૌથી અસરકારક ઉકેલ વાતચીત છે.

સિબ્બલે કહ્યું, "મને અણ્ણા હજારેનું આંદોલન યાદ છે. જ્યારે પણ અણ્ણા હજારે ભૂખ હડતાળ પર ઉતરતા અને જનલોકપાલ બિલ માટે આંદોલન થતું, ત્યારે સરકાર તેમની સાથે જોડાતી.

# ચોમાસુ સત્ર પહેલા સાંસદો માટે કડક સૂચના, સંસદમાં વિરોધ પ્રદર્શન અને પ્લેકાર્ડ લહેરાવવા પર પ્રતિબંધ

## સત્ર દરમિયાન સંસદ સંકુલની અંદર સ્માર્ટવોચ કે સ્માર્ટ ચશ્માનો ઉપયોગ ન કરવા પણ અપાઈ સૂચના

નવીદિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. તેની તૈયારીઓ પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. ચોમાસુ સત્ર માટે સાંસદોને કડક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. લોકસભા સચિવાલયે સાંસદોને સંસદ ભવન સંકુલની અંદર દેખાવો, ધરણા, સૂત્રોચ્ચાર, પ્લેકાર્ડ લહેરાવવા, શસ્ત્રો વહન કરવા અને ધાર્મિક વિધિઓ કરવાથી દૂર રહેવાની સલાહ આપી છે. સભ્યોને સલાહ આપવામાં આવી છે કે તેઓ સત્ર દરમિયાન સંસદ સંકુલની અંદર સ્માર્ટવોચ કે સ્માર્ટ ચશ્માનો ઉપયોગ ન કરે જેથી સભ્યોની સુરક્ષા, વિશેષાધિકારો અને ગોપનીયતા સાથે ચેડા થાય.

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થશે અને ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે. લોકસભા સચિવાલયે અલગ સંસદીય બુલેટિનમાં એમ પણ જણાવ્યું છે કે તેમના ધ્યાનમાં આવ્યું છે કે પોસ્ટરો, પ્લેકાર્ડ અને બેનરો પર વાંધાજનક પ્રકૃતિના છૈં-જનરેટેડ છબીઓ, ફોટોગ્રાફ્સ અને સૂત્રો પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે. સચિવાલયે સભ્યોને સત્ર દરમિયાન સંસદ સંકુલની અંદર આવી પ્રવૃત્તિઓથી દૂર રહેવા અપીલ કરી છે.

સચિવાલયે એક બુલેટિનમાં જણાવ્યું હતું કે, "સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સંસદ ભવનના પ્રવેશદ્વારની સામે વિરોધ પ્રદર્શન કે ધરણાનું આયોજન ન કરે, કારણ કે આ ગૃહોની બેઠકો દરમિયાન સંસદ ચેમ્બરમાં સાંસદોની અવરજવરમાં ગંભીર અવરોધ ઉભો કરે છે. આ સંદર્ભમાં, સભ્યોનું ધ્યાન લોકસભા અધ્યક્ષના નિર્દેશ ૧૨૪એ(૨) તરફ દોરવામાં આવે છે. સાંસદોની સલામતી સુનિશ્ચિત કરવા માટે સંસદ ભવનના પ્રવેશદ્વારોને અવરોધમુક્ત રાખવા પણ જરૂરી છે. માનનીય સભ્યોનો સહયોગ માંગવામાં આવે છે."

સચિવાલયે સાંસદોને કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણા, હડતાળ, ઉપવાસ અથવા કોઈપણ ધાર્મિક વિધિઓ કરવા માટે સંસદ ભવનના સંકુલનો ઉપયોગ ન કરવાની પણ અપીલ કરી છે. સચિવાલય દ્વારા જારી કરાયેલા અન્ય એક બુલેટિનમાં જણાવાયું છે કે સંસદ ભવનના સંકુલની અંદરના વિસ્તારો અને માર્ગો સાંસદો માટે ખુલ્લા અને મુક્ત રહે તે સુનિશ્ચિત કરવા માટે સંકુલમાં ઘણી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે.આમાં કોઈપણ પ્રકારના હથિયાર, બેનરો, પ્લેકાર્ડ, લાકડીઓ, ભાલા, તલવારો, ડંડા વગેરે લાવવાનો સમાવેશ થાય છે. ભૂતકાળમાં, વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષો દ્વારા વિરોધ પ્રદર્શનો, સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડને કારણે સંસદની કાર્યવાહી લાંબા સમય સુધી ખોરવાઈ હતી. આના કારણે અનેક સત્રોમાં વારંવાર સ્થગિત થવું પડ્યું છે, અને દિવસો સુધી નોંધપાત્ર કામકાજ હાથ ધરવામાં આવ્યું નથી.

# ભારતીયો યુએસ અર્થતંત્રમાં સુધારો કરશેઃ રઘુરામ રાજન સહિત ત્રણને મુખ્ય જવાબદારીઓ સોંપવામાં આવી

## ફુગાવો પાંચ વર્ષથી વધુ સમયથી સેન્ટ્રલ બેંકના લક્ષ્ય કરતાં ઉપર રહેતા ભરાયું પગલું

નવીદિલ્હી,

યુએસ ફેડરલ રિઝર્વે તેની બેલેન્સ શીટની સમીક્ષા કરવા માટે ભૂતપૂર્વ આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન અને બે અન્ય ભારતીય મૂળના નિષ્ણાતો - દિલ્હીમાં જન્મેલા અમેરિકન અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઈક્રોસોફ્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ આશા શર્મા - ની પસંદગી કરી છે. આ પગલું વર્ષોના ઊંચા ફુગાવા પછી નાણાકીય નીતિ ઘડવાની રીતને બદલવાના હેતુથી એક વ્યાપક સુધારા કાર્યક્રમનો ભાગ છે.

આ નિમણૂકો નવા યુએસ ફેડરલ રિઝર્વ ચેરમેન, કેવિન વોર્શ દ્વારા રચાયેલા પાંચ ટાસ્ક ફોર્સનો ભાગ છે. આ ટાસ્ક ફોર્સમાં ભૂતપૂર્વ બેંક ઓફ ઈંગ્લેન્ડ ગવર્નર મેર્વિન કિંગ, ભૂતપૂર્વ વોલમાર્ટ સીઈઓ ડગ મેકમિલન, નોબેલ પુરસ્કાર વિજેતા થોમસ સાર્જન્ટ અને સિલિકોન વેલી વેન્ચર



કેપિટાલિસ્ટ માર્ક એન્ડ્રીસન જેવા વૈશ્વિક વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

વોર્શે ગુરુવારે કહ્યું, ‘‘મને ગર્વ છે કે વિવિધ ક્ષેત્રોના શ્રેષ્ઠ દિમાગ એક સંસ્થા તરીકે અમારા કાર્યને સુધારવા માટે અમારી સાથે કામ કરવા સંમત થયા છે. અમારો ઉદ્દેશ્ય સ્પષ્ટ છેઃ આ નિર્ણાયક સમયે ફેડ તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં છે તેની ખાતરી કરવી.’’

ફેડ ચેરમેને રાજનની ભૂમિકા વિશે વિસ્તૃત માહિતી આપી ન હતી, પરંતુ તેમણે કહ્યું હતું કે ટાસ્ક ફોર્સનો હેતુ ફેડરલ રિઝર્વમાં નવી વિચારસરણી અને નવા દ્રષ્ટિકોણ દાખલ કરવાનો છે, કારણ કે ફુગાવો પાંચ વર્ષથી વધુ સમયથી સેન્ટ્રલ બેંકના લક્ષ્ય કરતાં ઉપર રહ્યો છે.

અહેવાલ મુજબ, રઘુરામ રાજન હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી કરેન ડાયનન અને ભૂતપૂર્વ ફેડરલ રિઝર્વ ગવર્નર જેરેમી સ્ટેઈન સાથે બેલેન્સ શીટ પોલિસી ટાસ્ક ફોર્સમાં સેવા આપશે. આ પેનલ ફેડરલ રિઝર્વની વર્તમાન બેલેન્સ શીટ સિસ્ટમના ખર્ચ, લાભો અને સંસ્થાકીય અસરોનું મૂલ્યાંકન કરશે. તે તેની સંપત્તિ હોલ્ડિંગ્સ અને નાણાકીય નીતિના અમલીકરણમાં તેમની ભૂમિકાની પણ સમીક્ષા કરશે.

વોર્શે કહ્યું, ‘‘મેં ૧૫ લોકોનો સંપર્ક કર્યો જેમને હું જાણું છું, જેમના પર વિશ્વાસ કરું છું અને જેમના દ્રષ્ટિકોણ વિવિધ છે.

### ટ્રક, જ્યુપિટર અને સ્પલેન્ડર વચ્ચે ત્રિપલ અકસ્માત

# ટ્રકનું ટાયર ફરી વળતા પુત્રની નજર સામે જ માતાનું મોત ગંભીર રીતે ઘાયલ ઈમિટેશનના ધંધાર્થીએ પણ દમ તોડ્યો

રાજકોટ:રાજકોટના જામનગર રોડ પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે લોકોનાં મોત નિપજ્યા છે. ટ્રકચાલકે જ્યુપીટરને ટક્કર મારતા જ્યુપીટર આગળ જતા સ્પલેન્ડર સાથે ટકરાયું હતું જેના કારણે સ્પલેન્ડર પર સવાર માતા-પુત્ર રસ્તા પર પટકાયા હતા અને પુત્રની નજર સામે માતા પર ટ્રકનું તોતિંગ વ્હિલ ફરી વળતા માતાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે જ્યુપીટર પર સવાર ઈમીટેશનના વેપારીને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું પણ મોત નિપજ્યું હતું.પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મહિલા અને તેનો પુત્ર ગાયકવાડીમાં રહેતા હોવાનું સામે આવ્યું છે જ્યારે અકસ્માતમાં ભોગ બનનાર અન્ય યુવક કુવાડવા રોડ ઉપર રહેતો હોવાનું અને પોતે ઈમિટેશનનો ધંધાર્થી હોવાનું સામે



આવ્યું છે.

મળતી માહિતી મુજબ રાજકોટની સાધુ વાસવાણી સ્કૂલ પાસે રહેતા અને ખાનગી હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા શહેનાઝબેન દલને તેનો પુત્ર બાઈક પર પર મૂકવા જઈ રહ્યો હતો. માતા-પુત્ર જ્યારે જામનગર રોડ પર રૂડા બિલ્ડિંગ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ ટ્રકચાલકે જ્યુપીટરને પાછળથી ટક્કર મારતા જ્યુપીટર તેઓની બાઈક સાથે અથડાઈ હતી. જેના કારણે શહેનાઝબેન અને તેના પુત્ર રસ્તા પર પટકાતા પુત્રની નજર સામે જ માતા(શહેનાઝબેન) પર ટ્રકનું વ્હિલ ફરી વળતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતના કારણે રસ્તા પર કંપારી છોડાવનારા દશ્યો સર્જાયા હતા.

ઘટનાના પગલે ટ્રક નીચે દબાયેલા શહેનાઝબેનને જોઈ પુત્ર સમીર અને અન્ય પરિવારજનો ભારે આક્રંદ કરતા જોવા મળ્યા હતા.બાદમાં મૃતદેહને બહાર કાઢી પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો.ત્રિપલ અકસ્માતમાં જ્યુપીટર પર સવાર ઈમિટેશનના વેપારી સુમિતભાઈને પણ ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમને પણ દમ તોડી દીધો હતો. સુમિતભાઈ ઈમિટેશનનું કારખાનું ધરાવતા હતા. પરિવારમાં બે ભાઈઓમાં નાના હતા. તેઓને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે.

અકસ્માતમાં બે લોકોના મોત નિપજાવી ટ્રકચાલક ઘટનસ્થળ પર નાસી છૂટતા પોલીસ ટ્રેક કબજે કરી ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# હથિયાર સપ્લાય ચેઈન, 'વેપન કાર્ટેલ' ગેંગ પાસેથી રિવોલ્વર ખરીદનાર વધુ ૩ શખ્સ પકડાયા, કુલ ૨૪ હથિયાર જપ્ત

## પીસીબી રિમાન્ડ દરમિયાન પ્રદીપની કડક પૂછપરછ કરતા વધુ ત્રણ ગ્રાહકોના નામ ખુલ્યા હતા,હજુ અડધો ડઝન હથિયાર ચોરીનો ભેદ ખૂલવાની શક્યતા

રાજકોટ:

રાજકોટના નાનામવામાં ગેરકાયદે પિસ્તોલથી ફાયરિંગ કરી નજીવી બાબતમાં યુવાનની હત્યા બાદ પોલીસ કમિશનરની સૂચનાથી પીસીબીએ ગેરકાયદે હથિયારોની હેરાફેરી કરતા તત્ત્વો પર ધોંસ બોલાવી છે

અને અગાઉ મધ્યપ્રદેશથી સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલા ગેરકાયદેસર હથિયારોના એક બહુ મોટા નેટવર્કનો પોલીસે પર્દાફાશ કર્યા બાદ રથયાત્રાની પૂર્વ સંધ્યાએ પીસીબીએ વધુ ૩ આરોપીને ૩ રિવોલ્વર સાથે ઝડપી પાડ્યા છે. આ મેગા ઓપરેશનમાં પોલીસ અત્યાર સુધીમાં કુલ ૧૧ રીઢા ગુનેગારોને ૨૪ પિસ્તોલ અને ૩૦થી વધુ જીવતા કારતૂસ સાથે ઝડપી લીધા છે.





પીસીબીના સૂત્રોએ જણાવ્યા અનુસાર એમપીના ધારનો શકીલ મન્સુરી ત્યાંથી સસ્તા ભાવે દેશી તમંચા લાવતો હતો, જે ચોટીલાનો મુખ્ય ડીલર પ્રદીપ કરપડા ખરીદીને સૌરાષ્ટ્રમાં વેચતો હતો.

જેના આધારે પોલીસે રાજકોટના ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગીરી ગૌસ્વામી (ઉ.વ. ૨૧, હુડકો ચોકડી), ચોટીલાના જયરાજ ઉર્ફે લાલો પીઠુ ખાચર (ઉ.વ.૩૪) અને શ્યામ રાજુ પરમાર (ઉ.વ.૨૧)ની ધરપકડ કરી છે.આ ત્રણેય શખ્સ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેમણે માત્ર સોશિયલ મીડિયામાં રોફ જમાવવા હથિયાર ખરીદ્યા હતા. આ બનાવની વધુ તપાસ પીઆઇ મેહુલ ગોંડલિયા અને પીએસઆઈ આર.કે.જાડેજા, ત્રાજિયા સહિતનો સ્ટાફ ચલાવી રહ્યો છે.

ગેરકાયદે હથિયાર પ્રકરણમાં અત્યાર સુધીમાં ૧૧ શખ્સ ૨૪ હથિયાર સાથે પકડાઇ ચૂક્યા છે અને પીસીબીની તપાસમાં પ્રદીપે અમરેલી તથા અન્ય જિલ્લામાં હથિયાર વેચ્યાનું ખુલ્યું હોય. આ ગુનામાં હજુ પણ અડધો ડઝન ગેરકાયદે હથિયારો વેચવાના નેટવર્કનો પર્દાફાશ થવાની શક્યતા સેવાઈ રહી છે.

# કોઠારીયા સોલવન્ટમાં બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

રાજકોટ:રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા વિક્કી જેન્તીભાઈ બાવરીયા (ઉં.વ.૨૦) તા.૧૪ના રોજ બપોરે પોતાના ઘરે હતો ત્યારે વાસણ ધોવાનું લીકવીડ પી ગયો હતો જેથી તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગઈકાલે રાત્રે સારવાર દરમ્યાન તેનું મોત નીપજતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક કુંવારો હોવાનું અને માનસિક બીમારીથી પીડાતો હતો અને અવારનવાર આંચકી પણ આવતી હતી જેથી તેણે આ પગલું ભર્યાનું અનુમાન છે.

**પત્ની પર પતિનો હુમલો**

કુવાડવા ગામે રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ જોષનાબેનએ આરોપી તરીકે પતિ દિલીપ નારણભાઈ લામ્કાનું નામ આપી જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ચાર દિકરીઓ તથા એક દિકરો છે. ગઈકાલે બપોરના ૩ વાગ્યે તે ઘરે હતી ત્યારે પતિ દિલીપ બહારથી આવી જમવા બેઠા હતા તેમના ફોનમાં કોઈનો ફોન આવતા તેઓએ ફોન ઉપાડી જેમતેમ રાડો પાડી દેકારો કરતા તેમને દેકારો કરવાની ના પાડતા પતિ ગાળો આપવા લાગ્યા હતા જેથી તેમને સમજાવવાની કોશિશ કરતા તેમણે ઘરમાં રહેલ લાકડાના ખાટલાના પાયા વડે માથાના ભાગે કપાળ પર એક ઘા મારી દીધો હતો અને બીજો ઘા ડાબા પગના પંજાના ભાગે માર્યો હતો. જેથી પરિણીતાએ તેના ભાઈ સાથે કુવાડવા પોલીસ પહોંચી પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આરોપી મહિલાના પતિને વીડિયો બતાવી પૈસાની માગણી કરતા બદનામીના ડરથી મા-દીકરીએ કૂવો પૂર્યો હતો: બન્ને આરોપીની ધરપકડ

જસદણ:ગોંડલ તાલુકાના અને આટકોટ પોલીસ મથક હેઠળના મોટા દડવા ગામે સામાજિક બદનામી અને બ્લેકમેઈલિંગના માતા અને ચાર વર્ષની પુત્રીએ કૂવો પૂર્યો હતો. ઘરના બેડરૂમમાં પાણી પીવા માટે આવેલી વ્યક્તિ સાથેનો વિડીયો ગુપ્ત રીતે ઉતારી, તેને વહેતો કરવાની અને પત્ની સાથે આડા સંબંધો હોવાના ખોટા આક્ષેપ કરી બે શખ્સએ ફરિયાદીને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું.

આ ધમકીઓ અને સામાજિક પ્રતિષ્ઠા હણાઈ જવાના ડરથી કંટાળી ગયેલી પરિણીતાએ પોતાની માસૂમ પુત્રી સાથે કૂવામાં ઝંપલાવીને આપઘાત કરી લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ મામલે આટકોટ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ ગુનાના બંને આરોપીઓને ઝડપી લીધા હતા અને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૮ (આપઘાતની દુષ્પ્રેરણા), ૩૦૮(૪), ૨૩૮, ૩૨૯(૪),



૩૫૧(૨), ૩૫૨, ૫૪ મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની પૂછપરછ હાથ ધરી છે.

હવેલી ચોક વિસ્તારમાં રહેતા અને કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા અરવિંદ બાબુભાઈ સાપરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, પોતે મકાનની છત ઉપર સેન્ટિંગનું કામ કરી રહ્યા હતા, ત્યારે નાગજી ઉર્ફે ગડો નાગરાજ પરમાર નામના શખ્સે તેનો સંપર્ક કરી તેમના વોટ્સએપ પર એક વિડીયો મોકલ્યો હતો. અરવિંદભાઈએ વિડીયો ખોલીને જોતા, તેમના જ ઘરના બેડરૂમમાં તેમની પત્ની મોહિત ચંદુ બારૈયાને બેડ ઉપર બેસીને પાણી પાતી હોય તેવું દેખાતું હતું. આ વિડીયો મોહિતે જ પોતાના મોબાઈલથી ઉતાર્યો હતો અને નાગજીએ અરવિંદને ધમકી આપી હતી કે, મોહિતને તારી પત્ની સાથે આડા સંબંધો છે, જો તું પોલીસને કે અન્ય કોઈને જાણ કરીશ તો તારા હાથ-પગ ભાંગી નાખીશું અને અમારે તારી પાસેથી પૈસા જોઈશે, નહીંતર આ વિડીયો વહેતો કરી દઈશું.

આ વીડિયો બાબતે અરવિંદે પત્ની સાથે વાત કરતાં પત્નીએ કહ્યું કે આડાસંબંધની વાત ખોટી છે, મોહિત પાણી પીવા જ આવ્યો હતો. જો કે આ બન્ને શખ્સ વારંવાર આ વીડિયો બાબતે ધમકી આપતા અને પૈસાની ઉઘરાણી કરતા હોઈ દંપતીને ચિંતા રહેતી કે હવે સમાજમાં શું મોઢું બતાવવું? આથી પત્ની ભારે તણાવ અનુભવતી હતી અને પતિ જાગે તે પહેલાં જ વહેલી સવારે તે પુત્રી દેવાંશીને લઈને ઘરની બહાર નીકળી ગઈ હતી તેમજ કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો.

# મોરબીમાં ગૌમાતા સાથે વિકૃત હરકત કરનાર નરાધમ સામે લેખિત ફરિયાદ

મોરબી:

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામની સીમમાં આવેલા બાપા સીતારામ હોટલ નજીક ખુલ્લી જગ્યામાં એક શખ્સે વિકૃતિની પરાકાષ્ઠા વટાવી હતી અને ગૌમાતા સાથે વિકૃત હરકતો કર્યાની ઘૃણાસ્પદ ઘટના સામે આવી છે.મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામની સીમમાં બાપા સીતારામ હોટલ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં બપોરના સમયે કોઈ અજાણ્યો શખ્સના મનમાં વાસનનાનું એવું તો ભૂત સવાર થયું હતું કે તે સારા નરસાનું વિવેકભાન ગૂમાવી બેઠો હતો. ગૌમાતા સાથે અત્યંત શરમજનક કૃત્ય કરતાં એ એક વીડિયોમાં કેદ થઇ ગયો હતો.

આ વીડિયો સામે આવતાં ગ્રામજનો અને હિન્દૂ સંગઠનો સહિત ગૌપ્રેમીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. આ બનાવને પગલે હિન્દુ સંગઠનોના આગેવાનોએ ઉંચી માંડલ ગામે દોડી જઈને નરાધમ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમજ આ ગંભીર બનાવ અંગે હિન્દુ સંગઠનના આગેવાન સંદીપભાઈ રમેશભાઈ પારજીયાએ મોરબી તાલુકા પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી હતી.આથી પોલીસે આ ઘટનાના વીડિયો સહિતની તપાસ કરતા આ અધમ કૃત્ય કરનાર કૈલાસ દોલારામ ગામેતી હોવાની ઓળખ મળી હતી. આથી આરોપી વિરુદ્ધ ગુજરાત પશુ ક્રૂરતા અધિનિયમ તેમજ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ વીડિયો સહિતના સંયોગિક પુરાવા પોતાના કબજામાં લઈ તેની તપાસ શરૂ કરી છે.

# પોલીસ હેડકવાર્ટરમાં નવનિર્મિત રાઈફલ શૂટિંગ વિભાગમાં વાયરિંગ કરતાં યુવકનું વીજશોકથી મોત

રાજકોટ:ગાંધીનગર રહેતા પાર્થ મનસુખભાઈ ચૌહાણ (ઉં.વ.૨૫) મૂળ પોરબંદર જિલ્લાના ગોરાણા ગામના વતની હતા અને ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા હતા. રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે રાયફલ શૂટિંગ સ્ટુડિયો બનાવવાનું કામ હાલ ચાલી રહ્યું છે. આ કામમાં ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ પણ ચાલુ હોવાથી પાર્થ અન્ય કારીગરો સાથે ત્યાં કામ



કરી રહ્યો હતો. દરમિયાન વાયરિંગ કામ કરતી વખતે કોઈ કારણોસર પાર્થને અચાનક જોરદાર વીજ કરંટ લાગ્યો હતો કરંટ લાગતાં જ સ્થળ પર જ ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પાર્થ ચૌહાણ કુંવારો હતો તેમના પિતા મનસુખભાઈ ફર્નિચરનું કામ કરે છે. ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરી પરિવારને મદદરૂપ થતા યુવાન પુત્રનું મોત થતાં ચૌહાણ પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# કાલાવડ હાઈવે પર ડિવાઈડર તોડનાર સામે ફરિયાદ દાખલ

રાજકોટ:

હાઈવે પર થતા અકસ્માતો ઘટાડવા માટે હાઈવે પરના ગેરકાયદે રીતે તોડી ડિવાઈડરો ખુલ્લા કરવામાં આવતા જવાબદાર સામે કાર્યવાહી કરવા સૂચના મળતા આજ રોજ માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મલ્હારભાઈ દેવજીભાઇ ડાભીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, રાજકોટ કાલાવડ હાઈવે પર મેટોડા નજીક રામદેવ સીરામીક પાસે આશરે ૧૫ ફુટ જેટલુ ડિવાઈડરને કટ મારીને ગેરકાયદેસર રીતે તોડી પાડવામાં આવ્યું છે. આ ડિવાઈડર તોડી સરકારી મિલકતને રૂ.૧૦,૦૦૦નું નુક્શાન કરનાર તમામ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે જેથી મેટોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લાપાસરી ગામે યુવકને પિતરાઈ ભાઈએ ફડાકા ઝીંક્યા, ખૂનની ધમકી

રાજકોટ:લાપાસરી ગામે યુવાનને પિતરાઈએ ફડાકા ઝીકી દીધા હતા. જયારે કૌટુંબિક ભત્રીજાએ પથ્થર ઉપાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મામલે આજીડેમ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે લાપાસરી ગામે રહેતા ૩૦ વર્ષીય યુવાન રવિભાઈ મોહનભાઈ બાબરીયાએ ફરિયાદમાં આરોપી તરીકે અહી ગામમાં જ રહેતા કૌટુંબિક ભત્રીજો કરણ મુકેશ બાબરીયા અને પિતરાઈ અશોક નારણ બાબરીયાનું નામ આપી જણાવ્યું હતું કે, ગઇ તા.૧૩ ના રાત્રીના નવ વાગ્યે તે ગામના હનુમાનજીના મંદીરની બાજુમા આવેલ પુલ પાસે નરેશભાઈ બાબરીયા તથા મોહીત અશોકભાઇ બાબરીયા સાથે બેઠો હતો. દરમિયાન કૌટુંબિક ભત્રીજો કરણ બાબરીયા તથા તેના કાકા અશોક બાબરીયા બન્ને ત્યા આવેલ હતા.

અગાઉ સાથે મજૂરી કામ કરતા હોય ત્યારે થયેલા ઝગડાનો ખાર રાખી કરણ બારીયા કહેવા લાગેલ કે, તને ખુબ હવા છે કહીં ગાળો આપવા લાગેલ હતો. ગાળો આપવાની ના પાડતા બંને ઝઘડો કરવા લાગેલ હતા. દરમિયાન કરણે નીચે પડેલ પથ્થર ઉપાડી આજે તને મારી નાખવો છે તેમ ધમકી આપેલ હતી. બાદ અશોકે બે-ત્રણ ઝાપટ મારી દીધેલ હતી. જેથી ડર લાગતા ત્યાંથી ઘરે જતો રહેલ હતો અને પરિજનોને જાણ કરી આજીડેમ પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.

# લીંબડી અને મુળીમાં જુગારધામ ઝડપાયું: રૂ. ૨.૭૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે ૧૩ જુગારીઓ પકડાયા

સુરેન્દ્રનગર:

લીંબડી અને મુળી તાલુકામાં જુગારધામો પર પોલીસે દરોડા પાડી કુલ ૧૩ જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે કુલ રૂ. ૨,૭૨,૮૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ કોન્સ્ટેબલ કૃણાલસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે, લીંબડી તાલુકાના ભલગામડા ગામે જાહેરમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા સાત ઈસમોને પકડવામાં આવ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૨૭,૩૫૦, ગંજીપાના, ૭ મોબાઇલ ફોન (કિંમત રૂ. ૩૦,૫૦૦), ૧ મોટરસાયકલ (કિંમત રૂ. ૧૫,૦૦૦) અને ૧ ઈકો ગાડી (કિંમત રૂ. ૨,૦૦,૦૦૦) સહિત કુલ રૂ. ૨,૭૨,૮૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ



આરોપીઓ વિરુદ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લીંબડીમાં પકડાયેલા આરોપીઓમાં દિલીપસિંહ પ્રવિણસિંહ રાણા (રહે. ભલગામડા, લીંબડી), અલ્તાફ અબ્દુલ કુરેશી (રહે. બોટાદ), કાનજી સવશી મેણીયા (રહે. બોટાદ), લાલો ઉર્ફે મહંમદ જીણા વાસ (રહે. બોટાદ), રીઝવાન જુસબ ઘાંચી (રહે. બોટાદ), નીલેશ વિરમ ભાલાડા (રહે. બોટાદ) અને જગદીશ હેમુ કટુડીયા (રહે. ઉંટડી, લીંબડી)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સુરેન્દ્રનગર એલસીબીના હેડ કોન્સ્ટેબલ જયપાલસિંહ રાઠોડને મળેલી બાતમીના આધારે, મુળી તાલુકાના વગડીયા ગામે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા છ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૧૧,૧૦૦, ગંજીપાના અને ૩ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૫,૦૦૦) સહિત કુલ રૂ. ૨૬,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં મુળી પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મુળીમાં પકડાયેલા આરોપીઓમાં દેવશી વેરશી બાટીયા (રહે. વગડીયા, મુળી), મહેશ વિરમ બાટીયા (રહે. વગડીયા, મુળી), જનક હીરા બાટીયા (રહે. વગડીયા, મુળી), મુન્ના વિજય પનારા (રહે. વગડીયા, મુળી), જગા નાનુ સારલા (રહે. વગડીયા, મુળી) અને ઘુઘા જેસીંગ પનારા (રહે. વગડીયા, મુળી)નો સમાવેશ થાય છે.

# મોરબીમાં દારૂની હેરાફેરી પકડાઈ

## ઈકો કારના ચોરખાનામાંથી ૪૯૩ વિદેશી દારૂની બોટલો જપ્ત, એક ઝડપાયો; બેની શોધખોળ



મોરબી:મોરબી જિલ્લા એલસીબી પોલીસે દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરતાં એક શખ્સને ઝડપી પાડી ઈકો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. એલસીબીના ઇન્ચાર્જ પીઆઇની સૂચના મુજબ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે મચ્છુ-૨ ડેમ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારબાદ બાતમી મુજબની ઈકો કાર (GJ 9 BJ 4437)ને કેનાલ પાસે રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી.

કારની તલાશી દરમિયાન પોલીસે પાછળના ભાગમાં તેમજ ગાડીની નીચે ખાસ બનાવેલા બે ગુપ્ત ચોરખાનાઓ શોધી કાઢ્યા હતા. આ ચોરખાનાઓમાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૪૯૩ નાની બોટલો સંતાડીને હેરાફેરી કરવામાં આવી રહી હતી. પોલીસે દારૂની બોટલો સહિત કાર અને અન્ય સામાન મળીને કુલ રૂ. ૫.૨૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે ૩૩ વર્ષીય બ્રિજરાજસિંહ કૃષ્ણસિંહ ઝાલાની ધરપકડ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે આરોપી પાટણ જિલ્લાના સાંતલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં પણ નાસતો ફરતો હતો. તેની પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો મોકલનાર તરીકે પ્રવિણસિંહ ઝાલા અને જથ્થો મંગાવનાર તરીકે અરવિંદભાઈ દાદુભાઈ બાટીના નામ ખુલ્યા હતા.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં કારના ચાલક, દારૂ મોકલનાર અને દારૂ મંગાવનાર સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ ફરાર બંને આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સમગ્ર કાર્યવાહી એલસીબીના ઇન્ચાર્જ પીઆઇના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# બાઈક લઈ ઘરેથી નીકળ્યા બાદ યુવકનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળ્યો

રાજકોટ:હાર્દિક મુકેશભાઈ માલકીયા (ઉં.વ.૨૧) ગઈકાલે સાંજે ૭.૩૦ વાગ્યાં આસપાસ કોઠારીયા આણંદપર રોડ ઉપરથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તેને તત્કાલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અહીં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. જેથી હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક પુછપરછમાં ગઈકાલે બપોર બાદ હાર્દિક બાઇક લઈને ગામમાં વસ્તુ લેવા માટે નીકળ્યો હતો જે બાદ સાંજના સમયે કોઠારીયા આણંદપર રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યો હોવાની જાણ થઈ હતી. મૃતક બે ભાઈમાં મોટો અને કુંવારો હોવાનું સામે આવ્યું છે. પરિવાર મૂળ જસદણના દહીંસરાનો વતની છે પણ વર્ષોથી કોઠારીયામાં રહે છે.